4.5

Smt. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
Call No

LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

Guj. Dept.

# ઇતિહાસદિગ્દર્શન

ગુજ. સા. પરિષદ, અમદાવાદ, એપ્રિલ ૧૯૨૦,
એના ઇતિહાસવિભાગમાં અધ્યક્ષસ્થાનેથી
કરેલું વ્યાખ્યાન.

શાસ્ત્રીય ઇતિહાસ એટલે શાસ્ત્રીય
નિર્ણયોવાળો ઇતિહાસ.

કર્તા

બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર

૧૯૨૮ પ્રત ૧૦૦૦

ગ્રંથસ્વામિત્વના હક્કોના રક્ષણ માટે નોંધાવી છે.

# કર્તાના ગુજરાતી પુસ્તકો

૧ ભણકાર રૂા. ૨-૦-૦ ૨ ઉગતી જુવાની રૂા. ૧-૧૨-૦
૩ દર્શનિયું રૂા ૨-૪-૦ ૪ કવિતા શિક્ષણ રૂા. ૦-૧૨-૦
૫ અભિજ્ઞાન શકુન્તલા નાટક: નવી સટીક આવૃત્તિ તૈયાર થાય છે.
૬ પ્લૂટાર્કનાં જીવનચરિતો ( સ્વ. પ્રો. ભટ્ટ સાથે )
આ આઠ ચરિતો છૂટાંછૂટાં છાપવાની વ્યવસ્થા થવામાં આવે છે.
[ આંક ૭, ૮, ૯ કર્તાનાં ઇંગ્રેજી પુસ્તકોના છે; જે બુકસેલર તારાપોરવાળા કમ્પની, મુંબાઇ ૧, પાસેથી મળે છે.
૧૦ પ્ર યો ગ મા લા :

| | | |
|---|---|---|
| મણકો ૧ : યુનાઇટેડ સ્ટેટ્સ | રૂા. ૦-૧૨-૦ | આ મણકા સાથે પાકું પૂઠું. મૂલ્ય રૂા ૨-૪ |
| મણકો ૨ : ઈતિહાસ દિગ્દર્શન | રૂા. ૦—૮-૦ | |
| મણકો ૩ : અંબાલાલભાઈ | રૂા. ૧—૦-૦ | |
| મણકો ૪ : પરિષદ પ્રવૃત્તિ, વિભાગ ૨ જો | રૂા. ૦-૧૨-૦ | |
| મણકો ૫ : લિરિક, પાકું પૂઠું, | રૂા ૧—૮-૦ | |
| મણકો ૬ : વિવેચના | છપાય છે. | |

બીજા છ મણકા હવે પછી

૧૧ ગો. મા. ત્રિ. ની ભાવનાઓ. લખાય છે.
૧૨ લગ્નમાં બ્રહ્મચર્ય અથવા સંયોગે વિયોગ:
નાટિકા મધ્યયુગની છપાય છે.

* * * આ ચોપડીઓ **પુસ્તકાલય સહાયક સહકારી મંડળ**, લિમિટેડ, વડોદરા, એમને ત્યાંથી તેમ જાણીતા બુકસેલરો દ્વારા મળશે; કર્તાને **મદનઝાંપે**, વડોદરા, એ સરનામે લખવાથી પણ મળશે, પરંતુ એ રીતે મંગાવતાં **વૅલ્યુપેયબલ** ખર્ચ પણ પડશે. બુકસેલરોને નકલો વેચવા માટે જોઇતી હોય તો પોતાના દર જણાવી કર્તાને લખવું. જેટલી નકલ જાંગડ રાખવી હોય તેથી અર્ધની કીંમત આગળથી આપવા તૈયાર હોય તેમણે જ લખવું.

# અનુક્રમણિકા


§ ૧ પ્રાચીન ઇતિહાસ ઉકેલનારી વિદ્યાઓ ... પૃ. ૨
§ ૨ આપણો મધ્યકાલીન ઇતિહાસ... ... ૮
§ ૩ આર્થિક ઇતિહાસ ... ... ... ૨૭
§ ૪ સંસ્કૃતિનાં સંક્રાન્તિકાલનો ઇતિહાસ ... ૫૧
લાંબાં ટિપ્પણ ૫૭


---

# શુદ્ધિપત્ર

| પૃ. | પં. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૬ | ૧૦ | ઇતિહાસિક | ઇતિહાસક |
| ૧[illegible] | ૫ | કહ્નાનડદે' પ્રબંધ | દ્વ્યાશ્રય |
| [illegible]૧ | છેલ્લી | પાડેછે. | પાડે છે.૧૯ |
| ૩૩ | ૨૦ | ઇસારો | ઇશારો |
| ૩૫ | ૫ | ન સ્વતંત્ર એવી | ન સ્વતંત્ર, ન સ્થાનિક એવી |

૩૭ ટિપ્પણ + માં ઉમેરી લેવું:—અને Stanley Jevons કૃત **કોલસા** ઉપરનું પ્રમાણભૂત પુસ્તક.
૫૪ ટિપ્પણ + પૃ. ૫, મનુના અધ્યાય ૫ મામાં શ્લોક અમુક પૃષ્ઠ ૧૪૭મે એમ નહીં.

---

# નિવેદન.

અમદાવાદમાં બીજી વાર મળેલી ગુજ૰ સા૦ પરિષદનું પુસ્તક બ્હાર પડ્યું તે સાથે આ વ્યાખ્યાનને ચોપાનિયા રૂપે બ્હાર પાડવું હતું, પણ એક બન્ધુની વિસ્મૃતિને લીધે એ પ્રમાણે ન બન્યું, એટલે પછી આજે જ પ્રયોગમાલાના પ્હેલા છ મણકામાં પ્રકટ થવા પામે છે. એને સુધારવું વધારવું એટલે ફરી લખવું અને વિસ્તારવું, અને એમ તો વ્યાખ્યાન મટીને ચોપડી બની જાય. એટલે છે એમ જ છાપું છું. ભૂલો અત્યુક્તિઓ અસ્પષ્ટતાઓ સુધારું છું. ટિપ્પણોમાં જ કંઈક વધારું છું. 'માલા' માં ધારું છું કે આ મણકો સૌથી ન્હાનો રહેશે.

આખી પ્રયોગમાલાના નિવેદન અને અર્પણ માટે જુવો મણકો ૬ લો.

આ મણકાનું મૂલ્ય રૂા. ૦-૮-૦

મણકા ૧, ૨, ૩, ની એકઠી ચોપડી પણ બાંધી છે, પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૨-૪-૦

* * * * *

શાળોપયોગી અને બીજા સંગ્રહો નિમિત્તે અમુક અમુક વિષય ફકરા આદિ માટે પરવાનગી સારુ વિનંતિઓ વધતી જાય છે. એવાં પ્રકાશનો કરનારા બન્ધુઓને જાહેર વિનંતિ કરી લઉં છું. કે આમાંથી જે કંઇ છાપવું હોય તે ભાગ બરાબર જણાવીને તેટલા પૂરતી પરવાનગી મેળવવી, લખેલી પરવાનગી મળી જાય તે પછી જ તેટલો ભાગ છાપવો, અને એવી પરવાનગી હવે પછી મેળવે અગર આગળ મેળવી લીધેલી હોય તેને એક આવૃત્તિ માટેની જ ગણવી.

# અર્પણ

સર રમણભાઈ મહીપતરામ નીલકંઠ,

અમદાવાદ.

પ્રિય રમણભાઇ,

આપણા લાંબા સાહિત્યપરિષદ્સહકારના જરા ટકાઉ સમ્ભારણા લેખે એ સહકારનું આ એક ફલ અત્યારે સ્વતંત્ર રૂપે પ્રજાને ધરતાં ત્હમને અર્પું છું. ત્હમને સાહિત્ય સાથે ઇતિહાસનો [illegible] પણ સારી પેઠે છે, અને ભાવનાદૃષ્ટિને માથે, હાથી માટે અંકુશ જેવી, ઐતિહાસિક પદ્ધતિની વિચારણાનું મહત્ત્વ ત્હમે તો પૂરેપૂરું સ્વીકારો છો, એ ત્હમારું મિત્રમંડલ જાણે છે. ઐતિહાસિક પદ્ધતિને મેં આમ અંકુશની ઉપમા આપેલી, ત્યારે ત્હમે આગળ વધીને ફિલસૂફી અને ઇતિહાસના અન્યોન્ય સંબંધ માટે સાંખ્યકારનો અન્ધપંગુસંબંધનો દૃષ્ટાન્ત યોજેલો, પ્રગતિ માટેની વાસ્તવિક દિશા ઐતિહાસિક પદ્ધતિ જ દેખાડી શકે વગેરે કહેલું,—એ આપણી ચર્ચા પછી કેટલા દાયકા વહી ગયા હશે વારુ!

**બલવન્તરાય ક. ઠાકોરના સલામ.**

**વડોદરા**, વસંતપંચમી, ઇ. ૨૭-૧-૧૯૨૮.

# ઇતિહાસ દિગ્દર્શન

## ઇતિહાસવિભાગના અધ્યક્ષનું વ્યાખ્યાન

અમદાવાદ ગુજરાતી સાહિત્ય પરિષદ,

એપ્રિલ ૧૯૨૦.

**બંધુઓ,**

આપ મને આજે આ મોટું માન આપો છો તે માટે હું કયા શબ્દોમાં આભાર માનું તે સુઝતું નથી. આપણા ગુજરાતી વાઙ્મયમાં ઇતિહાસનું સ્વતંત્ર લખાણ કહી શકિયે એવું હજી થોડું જ થયેલું દેખાય છે. ઇતિહાસને લગતી સ્વતંત્ર શોધખોળ ગણી શકિયે એવી પ્રવૃત્તિ પણ આજ સુધી આપણામાં કોઇકોઇએ જ કરેલી છે. અને તેમાંના પણ કોઇ હજી સુધી ખાસ જાણીતા થવા પામેલા અત્યારે હયાત નથી. આવી વસ્તુસ્થિતિમાં જે માણસે એ દિશામાં નહીં જેવી જ પ્રવૃત્તિ કરેલી છે, તેવાને આપનો

સરનશીન બનાવો છો, તેમાં ( હું ભૂલતો ન હઉં તો ) ગુજરાતના બીજા કોઇ વધારે લાયક ઇતિહાસસેવકને અન્યાય નથી થતો, એ ઉપરાંત મ્હારી આ ખુરશીને માટે કશી લાયકી મ્હને સમઝાતી નથી. માટે બંધુઓ, આપ સૌ મ્હને આ અપૂર્વ માન આપો છો તેનો બધો જશ આપની ઉદારતાને જ આપવા રજા લઉં છું.

## § ૧ : પ્રાચીન ઇતિહાસ ઉકેલનારી વિદ્યાઓ.

બીજાં ક્ષેત્રામાં તેમ આમાં પણ આપણી ગુજરાત-કાઠિયાવાડની ભૂમિએ એક એવું નરરત્ન આપણને આપ્યું હતું, કે તે આખી દુનિયાના શ્રેષ્ઠ ઇતિહાસ સંશોધકોની વીણી વીણીને કરેલી હારમાં પણ દીપી ઉઠે. એ નરરત્ન તે પંડિત **ભ**ગવાનલાલ ઇંદ્રજી. અશોકના શિલાલેખોની પ્રાચીન લિપિ ઉકેલવાનું માન દુનિયા જેમ્સ પ્રિન્સેપને આપે છે, અને પ્રિન્સેપે એ લિપિના મૂલાક્ષરોમાંની મોટી સંખ્યા પ્રથમ બેસાડી એ ખરું. પરંતુ પ્રિન્સેપ પોતાનું કાર્ય અધૂરું મુકીને ન્હાની ઉમરમાં ગત થયો. એની ઉકેલણીમાં કેટલીક ભૂલો પણ હતી અને માત્ર અટકળો એથી વધારે હતી. એ લિપિના દરેક મૂલાક્ષર જોડાક્ષર અને ચિહ્નને નિર્વિવાદ ઉકેલવાનું કાર્ય પૂરેપૂરું કરી આપનાર ખરી રીતે આપણા **ભ**ગવાનલાલ હતા. આપણા દેશના પ્રાચીન લેખો તામ્રપત્રો પ્રશસ્તિઓ ગ્રંથો આદિમાં ત્રુટક વંશાવલિઓ અને સનના સ્પષ્ટ નિર્દેશ વગરની સાલો હોય છે એ જાણીતું છે.



આમાંથી જેટલાં **ભ**ગવાનલાલે ચોક્સ બેસાડી આપ્યાં, તેટલી સંખ્યામાં અને તેટલા મહત્ત્વનાં એમના સમયના કે એમના પછીના બીજા કોઇક જ વિદ્વાને નક્કી કર્યાં હશે. આપણા દેશમાં અનેક સનો ચાલેલા છે તેમાંથી કયો ક્યારે શરુ થયો, ક્યાં સુધી ચાલ્યો, અને કેટલા પ્રદેશમાં પ્રવર્ત્તેલો, એ નક્કી કરવામાં હજી યે મુશ્કેલીઓ બાકી રહેલી છે. અને પંડિત **ભ**ગવાનલાલે પોતાની પ્રવૃત્તિ આરંભી ત્યારે તો એ વિદ્યાના પ્રદેશનો મોટો ભાગ અનિશ્ચિતતાઓ અને અટકળોના માનીતા ક્ષેત્ર જેવો હતો. ઇતિહાસની ઇમારત ચણી શકાય તે માટે જમીન સાફ કરવાની, પાયો પૂરવાની, ઈંટો પાડવાની, અને બીજાં સાહિત્ય ખપમાં લઇ શકાય એવા રૂપમાં તૈયાર કરવાની આવી અને આને મળતી સિક્કાશાસ્ત્ર, મૂર્તિશાસ્ત્ર, ઇમારતશાસ્ત્ર, ઉપસ્કરશાસ્ત્ર, આદિ અનેકાનેક વિદ્યાઓ છે. તેમાંની ઘણીખરીમાં હિંદના પ્રાચીન કાળને લગતું જેટલું કાર્ય જેટલી શાસ્ત્રીયતા અને સર્ગશક્તિથી **ભ**ગવાનલાલે કરી આપ્યું છે અને જેટલા મહત્ત્વના નિર્ણયો એમણે સ્થાપી આપીને સર્વમાન્ય બનાવ્યા છે, તેટલા એમના સમયના કે એમના પછીના આ વિદ્યાઓને લગતા કોઇ પણ વિદ્વાને કરેલા નથી. પ્રાચીન ગ્રંથો, ધર્મસ્વરૂપો, સંસાર-રિવાજો, લોકકથાઓ, કલાઓનાં જુદાજુદા સમયોનાં સ્વરૂપ, આદિ વિષયોમાં પણ એમનું જ્ઞાન અત્યંત બહોળું અને સંગીન હતું, અને તેમાંથી ઇતિહાસ તારવવાની એમની

શક્તિ વિલક્ષણ હતી. ટુંકામાં, એમની પ્રવૃત્તિના પચીશ વર્ષ દરમિયાન, એટલે કે ઇ. સ. ૧૮૬૧–૬૨ માં એઓ પ્રથમ દાક્તર **ભાઉ દાજી** સાથે આ અભ્યાસમાં જોડાયા ત્યાંથી માંડીને ૧૮૮૮ માં એમનો દેહ પડી ગયો ત્યાં સુધીમાં, **નેપાલથી લંકા સુધીના** પ્રદેશને લગતી પ્રાચીન વિદ્યાઓના વિષયમાં કોઇ પણ મોટો નિર્ણય દુનિયાના કોઇ પણ વિદ્વાને કર્યો હશે, તેમાં **ભ**ગવાનલાલે જાતે શોધી ઉકેલીને પૂરાં પાડેલાં સાધનો અને તે ઉપરથી પોતે ઉપજાવેલાં સૂચનો કારણભૂત હતાં; એમણે પોતે કરેલા નિર્ણયો પણ અતિ મહત્ત્વના હતા અને સંખ્યામાં પણ ઘણા હતા; અને એવો કોઇ પણ વિદ્વાન હતો નહી જે પોતાના નિર્ણયને **ભ**ગવાનલાલનો ટેકો નથી એમ જાણવામાં આવતાં શંકામાં પડી ન જતો, અથવા તો એથી ઉલટું **પંડિતજી**નો ટેકો છે એમ જાણવામાં આવતાં પોતાનો નિર્ણય સુદૃઢ થયેલો ન ગણતો. તે સમયના એક વિદ્વાને લખ્યું છે તે મુજબ **ભ**ગવાનલાલ "એક હિંદુ જેવા નમ્ર અને મળતાવડા, એક **જર્મન** જેવા દૃઢ, ધીરજવાન, મહેનતુ, ખંતીલા, અને શોધક, એક **અંગ્રેજ** જેવી ચકોર, સદાપ્રવૃત્તિમય, સ્વતંત્ર બુદ્ધિશક્તિના, અને એક તીર્થંકર જેવા ગંભીર હતા."[૧]

**મુંબાઇ** ઇલાકાના **ગેઝેટિયર** (Gazetteer)માં **ગુજરાત કાઠિયાવાડના પ્રાચીન** ઇતિહાસ વિશે જે પ્રકરણો છે, તે

૧ આંકવાળાં ટિપ્પણો માટે જુવો ચોપડીને અંતે.



રચવામાં બીજાઓનો હિસ્સો પણ છે ખરો, પરંતુ એમાંના મુખ્ય નિર્ણયોનો ઘણો મોટો ભાગ પંડિત **ભ**ગવાનલાલે કરેલા નિર્ણયોનો છે. **મે**વાડના રાજવંશની ખરી વંશાવલિના શિલા-લેખો પ્રથમ જોનાર, બેસાડનાર અને તેમનું મૂલ્ય સિદ્ધ કરી આપનાર પણ **પંડિતજી** હતા. આ વગેરે એમની પ્રવૃત્તિનાં અનેકાનેક ફલ જ્યારે આપણે એમની પચીશીના **આર્કિઓલોજી** (Archaeology) ખાતાંના વાર્ષિક અહેવાલો, ઇન્ડિયન એન્ટિકવરી (Indian Antiquary) આદિ સામયિક પત્રો, રોયલ એશિયાટિક સોસાયટીઓનાં જર્નલો (Journal of the R. A. S. and its Indian branches) અને તે વખતે અને પછી પ્રકટ થયેલા ગ્રંથોમાં જોઇયે છિયે, અને તેમને પંડિતજીના પોતાના ખાનગી કાગળો અહેવાલો આદિમાંથી જે થોડુંએક અત્યારે ટકી રહેલું છે, તે સાથે સરખાવી જુદાજુદા વિષયોમાંનું એમનું કર્તૃત્વ સાબીત કરી શકિયે છિયે, ત્યારે આપણને દિલગીરી સાથે એમ લાગ્યા વગર નથી રહેતું કે આવા મહાસમર્થ વિદ્વાનનો લાભ આપણો પ્રાન્ત બહુ જ ઓછો મેળવી શક્યો છે. બીજા દેશોમાં આવા ધુરંધર પંડિત નીપજ્યા હોય છે, તો તે શોધખોળની શાળાઓ (Research School) અને સંગ્રહસ્થાનો સ્થાપી શકે છે, તેમાં એમના શિષ્યો અને એમના પછીના વિદ્વાનો પેઢી દર પેઢી શોધ પર્યટન અને અધ્યયન કરતા રહે છે, અને વિદ્યા અને

વાઙ્મય, ઇતિહાસ અને શાસ્ત્ર, નવીનવી બુદ્ધિઓ અને નવાંનવાં સાધનોની કસોટીએ ચ્હડી વધે છે અને ફેલાય છે. આ પ્રમાણે આવી વિચક્ષણ બુદ્ધિના મોટામોટા નિર્ણયો સારી રીતે જળવાય છે અને પ્રસાર પામે છે અને નવાંનવાં અનુમાનોને જન્મ આપે છે, એટલું જ નહીં પણ એ સાથે ભળેલા અને મુકાબલે નજીવા જણાતા વિચારકણોમાંથી પણ કોઇને કોઇ આ પ્રમાણે બીજદશામાં આવી ખીલે છે અને અડાબીડ વિચારવૃક્ષ ઉપજાવે છે.

પંડિત **ભ**ગવાનલાલની જીવનચર્યામાંથી આવાં ફલ ગુજરાતને મળી ન શક્યાં તેનું એક કારણ એ હતું કે એમનું આયુષ્ય ટૂંકું નીવડ્યું. પરંતુ એ ઉપરાંત વધારે મહત્ત્વનું કારણ પણ આપણે ધ્યાનમાં લેવાનું છે, તે એ કે ઇ. સ. ૧૮૮૮–૯૦ સુધી આપણો પ્રાન્ત આવી વિદ્યાઓમાં એટલો તો પછાત હતો, કે આવાં ફલ અહીં ઉત્પન્ન થવાનો તે કાળે સંભવ જ ન હતો. હજી યે આવી વિદ્યાઓ તર્ફ આપણી પ્રજામાં જોઇએ એવું વલણ થયું નથી. ઇ. સ. ૧૮૮૦ થી માંડીને પંડિત **ભ**ગવાનલાલને મુનિ **જિ**નવિજય અથવા **ર**ણજીતરામ **વા**વાભાઇ જેવા પણ બે પાંચ શિષ્યો મળી ગયા હોત, તો જ આપણા પ્રાન્તમાં પણ એવી **ભ**ગવાનલાલ **ઓ**રિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ ક્યારની યે ઊભી થઇને વિદ્યાનાં જુદાંજુદાં ક્ષેત્રોમાં પોતાના કિરણ પ્રસારી રહી હોત, અને અત્યાર સુધી પણ આપણામાં આવા બેપાંચ



પ્રાચીન વિદ્યાવ્યાસંગીઓ પાકેલા મ્હારા જાણવામાં નથી. જે પ્રાચીન વિદ્યાઓના શુદ્ધ પરિશીલન વગર દટાઇ ગયેલા ઇતિહાસ ખોદી કહાડી ઉકેલીને પાછા ઘટાવવા અશક્ય છે, તે તર્ફ આપણા વ્યવહારુ પ્રાન્તનું વલણ હજી યે એવું સરખું જ છે, એ આપણે નમ્ર ભાવે કબૂલ કરવું પ્રાપ્ત થાય છે.

પંડિતજીનો શિષ્યવર્ગ બહુ મોટો હતો. ડાકટર **બુ**લ્હર અને **જે**મ્સ કેમ્પબેલ, પ્રો. **ક**ર્ન અને પ્રો. **રા**મકૃષ્ણ **ગો**પાલ **ભા**ણ્ડારકર, ડાકટર **બ**ર્જેસ અને ડાકટર કોડ્રિંગ્ટન, વગેરે અનેક વિદ્વાનો પોતે ફલાણું પંડિતજી પાસેથી શીખ્યા, એમ ઉમળકા ભરી આભારની લાગણીથી લખે છે. એમના ગુજરાતી શિષ્યોમાં મ્હારા જાણવા પ્રમાણે ત્રણ[2] મુખ્ય હતાઃ એમના સંબંધી **ભ**ટ્ટ **ગિ**રિજાશંકર **સા**મળજી, એમનાજ વતનના **આ**ચાર્ય **વ**લ્લભજી **હ**રિદત્ત, અને મહેતાજી **ર**તિરામ દુર્ગારામ. આમાંથી **આ**ચાર્ય **વ**લ્લભજી જ લાંબુ આયુષ્ય ભોગવવા ભાગ્યશાલી નીવડ્યા. રાજકોટમાં આવેલું **વૉ**ટસન **મ્યુ**ઝીયમ પંડિત **ભ**ગવાનલાલની અને એમને પગલે ચાલી **આ**ચાર્ય **વ**લ્લભજીએ કરેલી કાઠિયાવાડની મુસાફરીઓનું પરિણામ છે. સ્વ. **વ**લ્લભજીના ગ્રંથો અને બીજાં લખાણો વિશે એમના જ વિદ્વાન પુત્ર રા. રા. **ગિ**રિજાશંકર અનુકૂલતાએ પુસ્તક બ્હાર પાડનાર છે, એટલે એ વિશે અહીં વધારે લખવાની જરૂર નથી. **ભા**વનગર દરબાર તર્ફથી સ્વ૦ **વ**જલ-ભાઇ ગગાભાઇના તંત્રીપણા હેઠળ પ્રાચીન શિલાલેખો,

તામ્રપત્રો આદિના સુંદર પ્રતિકૃતિઓ અને શાસ્ત્રીય તરજુમા સાથે જે ગ્રંથો બ્હાર પડયા છે, અને વળી **ભાવનગરના બાર્ટન મ્યુઝીયમ**માં જે સંગ્રહ છે તે મોટે ભાગે **ભટ્ટ ગિરિજાશંકર**ની મુસાફરીઓનાં પરિણામ છે. એમાં પણ શાસ્ત્રીયતા અને પસંદગી માટેનો જશ કેટલેક અંશે પંડિત **ભ**ગવાનલાલને પોતાને અને તેમના શિક્ષણને આપવો ઘટે છે. છેવટ, પંડિત **ભ**ગવાનલાલના દેહાન્ત પછી સાત વર્ષે મહેતાજી રતિલાલ દુર્ગારામે પ્રાચીન ગુજરાત ઉપર બે ભાષણ કરેલાં,× અને તેમાંની વિગત એમણે ફરી વિસ્તારથી લખીને 'ગુજરાતી' સાપ્તાહિકના તા. ૨૮–૪–૧૮૯૫ થી તા. ૧૫–૧૧–૧૮૯૬ સુધીના અંકોમાં પ્રકટ કરેલી છે. **એમાંથી** થોડો ભાગ આજે પણ કીંમતી છે, અને એ આખો વિષય યોગ્ય ટિપ્પણો સાથે કોઇ વિદ્વાન પુસ્તક રૂપે પ્રકટ કરે તો સારું એવો મ્હારો નમ્ર અભિપ્રાય છે.[૩]

## § ૨. આપણો મધ્યકાલીન ઇતિહાસ.

ડયૂક ઑફ **વેલિંગ્ટન**ની એક ઉક્તિ છે કે **હિંદ**ના વિશાળ અને મોટે ભાગે સપાટ ખંડમાં લશ્કર કિલ્લા આદિ વડે સુરક્ષિત ટકાવી શકાય એવા સંગીન સીમાડાવાળા પ્રાંતો ન્હાના કે મોટા વિરલ જ છે. આથી કરીને કોઈ પણ

× બંને ૧૮૯૫ માં, એક જ્ઞાનપ્રસારક મંડળી તર્ફથી અને બીજું **બુદ્ધિવર્ધક** સભા તર્ફથી.



ભાગમાં એક જરા બળવાન રાજ્યનો ઉદય થવા પામે કે તેને પોતાનો વિસ્તાર વધારતા જ જવાની જાણે ફરજ પડતી હોય, પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પણ વિજયો મેળવી મેળવી સામ્રાજ્ય પ્રવર્તાવવાની નીતિ જાણે નૈસર્ગિક કે આવશ્યક હોય, એમ બને છે. અને ઇતિહાસના અભ્યાસીની દૃષ્ટિએ આ વસ્તુસ્થિતિ એ રૂપમાં દર્શન આપે છે કે **હિંદ**ના કોઈ પણ પ્રાન્તનો ઇતિહાસ લાંબા કાળ સુધી પડખેના પ્રાન્તોથી અલગ ચાલતો નથી. કોઇ પણ પ્રાન્તના ઇતિહાસમાં ઊંડા ઊતરવા જતાં લગભગ આખા **હિંદ**ના ઇતિહાસમાં ઉંડા ઊતરવાનું પ્રાપ્ત થાય છે. **હિંદ**માં વચ્ચે વચ્ચે મોટા ભાગો જ્યારે ગાઢ ભયાનક સનાતન જંગલોથી અભેદ્ય હતા, ત્યારે પણ ગુજરાત અને **બંગાળા** જેવા સામસામા છેડાના પ્રાન્તો દરિયા વાટે સંબદ્ધ હતા. **લં**કામાં સૌથી પ્હેલી પ્હોંચેલી **આર્ય** વસતી **સિંધ**–કાઠિયાવાડ ગુજરાતથી ગયેલી, તો એની **આર્ય** વસતીનું બીજું થર **બં**ગાળા તર્ફથી ગયેલાઓનું, એમ જણાય છે. અને પગ-વાટે પણ **પાટલિપુત્ર**થી **તક્ષ**શિલા, **તક્ષ**શિલાથી **સિન્ધુ** નદીના મુખ આગળનાં બંદરો, અને ત્યાંથી **સોમ**નાથ પટ્ટણ, ખંભાત, **ભૃ**ગુપુર, અને **થાણા**, તેમ **પાટલિપુત્ર**થી **અવંતિ** અને ઉજ્જયિની, અને ત્યાંથી **જૂ**નાગઢના માર્ગ, પ્રજાઓની આવજાના ધોરી રસ્તા હતા. **દ્રાક્ષ**ાબમાંથી **માલવદેશ** અને તેમાંથી ગુજરાતના રસ્તા કયારે ન હતા, એ કોઈથી

કહી શકાય એમ નથી. ગુજરાતના બ્રાહ્મણોમાં **તળપદા** અને વૈદિકના, અને વળી **સારસ્વત** અને **દ્રાવિડ**ના ભેદ કોઈ પણ નિશ્ચિત કાલાવધિની દોરી છાંટિયે, તેના કરતાં વધારે પ્રાચીન છે.[૪] ઉત્તર **હિંદ**ની ભાષાઓનો શાસ્ત્રીય ઐતિહાસિક અભ્યાસ હજી આરંભદશામાં છે, તે જ્યારે વધશે અને ગુજરાતી અને રાજસ્થાની તેમ ગુજરાતી અને હિંદી ભાષાઓનું મળતાપણું બરાબર સમઝાશે, ત્યારે, સંભાવિત છે કે, એ જાણીતું સામ્ય મર્યાદામાં આવી ગુજરાત **બંગાળા** તથા **ઓરિસા** પ્રાન્તની ભાષાઓનું સામ્ય આજના કરતાં વધારે ધ્યાન ખેંચશે. મતલબ કે પ્રાચીન **ગ્રીસ**ના ઇતિહાસમાં જેમ પ્રાચીન મધ્ય અને છેલ્લા સર્વ કાળમાં **ગ્રીસ** અને **બૃહદ્ ગ્રીસ** ( Magna Grecia ) નો અન્યોન્યાશ્રય છે, તેમ હિંદના કોઈ પણ પ્રાન્તના ઇતિહાસના દરેક કાળમાં તે પ્રાન્ત અને બીજા પ્રાન્તોના ઇતિહાસનો અન્યોન્યાશ્રય છે. એક વિશિષ્ટ ઉદાહરણ લેખે **શ્રી**માળ ભાંગ્યું અને **મૂળરાજ પાટણ**ની ગાદીએ ચ્હડી બેઠો એ બે બનાવો તારીખમાં પાસે પાસે છે એટલું જ નહીં; બીજી રીતે પણ એકમેકને સંબદ્ધ હોવાનો સંભવ છે. આ પ્રમાણે, જો કદાચ આપણે ગુજરાતના ઇતિહાસનેજ આજના આ સમારંભનો મુખ્ય વિષય ગણિયે, તથાપિ આપણને સ્વીકારવું પ્રાપ્ત થાય છે કે તેમાંથી **હિંદ**ના ઇતિહાસના વધારે વિશાળ ક્ષેત્રમાં વારંવાર સરી પડવું કેવળ કુદરતી છે.



ગુજરાત અને **હિંદ** બંનેનો હવે શાસ્ત્રીય ઇતિહાસ રચવાનો આરંભ થવો જોઇએ. **વિન્સેન્ટ સ્મિથ**,* **જદુનાથ** સરકાર, એસ. કૃષ્ણસ્વામી **આયંગાર**+ અને દેવદત્ત **ભાણ્ડા**-રકર જેવા વિદ્વાનોને હાથે તે રચાવા પણ માંડયો છે. આજે આ ક્ષેત્રમાં માત્ર ગણતર શાસ્ત્રીય લેખકો છે તો પણ તેમની સંખ્યા હવે દાયકે દાયકે વધતી જશે એમ લાગે છે, કેમકે પ્રજાકીય અસ્મિતાનો મહાપ્રાણ વાયુ આપણા વાતાવરણમાં સ્થાયી બલ તરીકે ઉમેરાઇ પોતાનું કાર્ય હવે કુદરતની શાંત એકસરખી પદ્ધતિએ કરતો થશે એવાં ચિહ્ન દેખાય છે, અને કેળવણીનું બંધારણ પણ ધીમે ધીમે સુધરી પ્રજાકીય અને હિંદી સંસ્કૃતિને અનુરૂપ બનતું આવે છે. × પરંતુ વાઙ્-મયના કોઇ પણ પ્રદેશની ખીલવટને માટે વિચક્ષણ અને સંસ્કારી લેખકોનો પાક થયા કરે એટલું જ બસ નથી, કેળ-વાયલા પ્રજામતનો પણ એમને ટેકો જોઇએ. પ્રતિભાશાલિ સર્ગશક્તિ અત્યંત નાજુક છોડ છે અને સહાનુભૂતિના કયારામાં

---

* આ સમર્થ ઇતિહાસકનો દેહ હમણાંજ પડી ગયો છે, એ નોંધતાં ખેદ થાય છે.

\+ મદ્રાસ યુનિવર્સિટીના ઇતિહાસના અધ્યાપક. ચાર જુદી જુદી પ્રજાના વિદ્વાનોમાંથી એકએકજ નામ ગણાવ્યું છે.

× આ કથન મુંબાઇની વિદ્યાપીઠને જ જોઈ રહેનારાને કદાચ ચોંકાવશે; હું આ કહું છું હિન્દની નવી જૂની તમામ વિદ્યાપીઠોને સમગ્રે લક્ષમાં રાખીને.

જ તેનો કુદરતી વિકાસ બની આવે છે. હાલના કેળવાયલા વર્ગમાં પણ હજી શાસ્ત્રીય ઇતિહાસની ઇમારત ચણાવી કેટલી તો મુશ્કેલ છે તેનો બરાબર ખયાલ નથી, તેમ પ્રજાકીય અસ્મિતા કેવળ નીતિમય નથી, એ તો નીતિઅનીતિનો મિશ્રિત જુસ્સો છે, જેમાં અહંકાર અને દ્વેષનું મોહાંધ પાસું જોરાવર હોય છે, એવો પણ ખયાલ નથી. "હિંદુ સુપીરિયોરિટિ (Hindu Superiority)" જેવી કેવળ અશાસ્ત્રીય ચોપડીઓ અતિ લોકપ્રિય થાય છે; ઐતિહાસિક નવલકથાને નામે છત્રસાલ જેવા અધમને પણ વીર પુરુષ જેવો ચિતર્યો હોય એવી ચોપડીઓના આપણી અનેક ભાષામાં તરજુમા થાય છે; શિવાજી અને ટીપુ સુલતાન[૫] જેવાની જીવનચર્યાના લગભગ દરેક મોટા બનાવને માટે પૂરતાં અને વિશ્વસનીય સાધનો છે, છતાં તેમના વિશે અભિપ્રાય બાંધવામાં હજી હઠીલા મતભેદ પ્રવત્ત છે; અને "આટલું તો જાણજો," "આટલું વિશેષ જાણજો" જેવી દુષ્ટ અને નાસાબીત તોહમતોથી નીગળતી ચોપડીઓ અનેક પ્રાંતમાં ફેલાય છે તથા આંગ્લ-દ્વેષના (Anglo-phobia) ઘાતક વિષને ચોગરદમ ફેલાવી રહી છે, એ આ આપણી નવી જન્મેલી અસ્મિતામાં મિથ્યાભિમાન આદિ કીચડ કેટલા પ્રમાણમાં છે, તેના પ્રકટ દાખલા છે. એ અસ્મિતા નીતરી ઇતિહાસના ક્ષેત્રમાં સ્વચ્છ સત્યપૂજક જ બનવાને હજી વાર છે. શાસ્ત્રીય ઇતિહાસ રચાવામાં



કેટલી મહાભારત મુશ્કેલીઓ છે તેનું આપણા કેળવાયલા વર્ગને સુદ્ધાં હજી ભાન ઓછું છે, એ જણાવી આપવાને એક જ હકીકત પૂરતી છે. હાલ ચોતરફથી શાળોપયોગી ઇતિહાસો માટે જબરી માંગણી ઉત્પન્ન થઇ છે, અને કેળવણીની સ્વતંત્ર પ્રજાકીય સંસ્થાઓ ચલાવનારા સ્વાર્થત્યાગી દેશાનુરાગી સેવકો એ માગણી સૌથી વધારે આજીજીથી કરે છે. ભાઇઓ, જરા સબૂરી પકડો. ઉતાવળે આંબા ન પાકે, ઉંડા કુવા અને વિશાળ તળાવો બંધાય, તે પછી જ તેમાંના પાણી નીકો વડે શેહરની ગલીઓમાં અને ગલીગલીનાં મકાનોમાં પૂરાં પાડી શકાય. આપણા દેશના હજારો વર્ષના ઇતિહાસમાં હજી ઘણા ઘણા સૈકાઓ અનેકાનેક બનાવો અને અસંખ્ય પાત્રોને વિશે આપણે પૂરતું જાણતા નથી. હજી ઘણી શોધખોળ કરવાની છે, ઘણું ઘટાવવાનું છે, ઘણું વિચારવાનું છે. શોધખોળના ઉંડા કુવાઓ અને વિશાળ તળાવો હજી સંખ્યાબંધ નવાં આદરવાનાં છે. અથવા, અલંકાર ફેરવીને કહું તો, શાળોપયોગી ઇતિહાસો દાબડાઓમાં સીલબંધ કરેલાં ફળ જેવી વસ્તુ છે. હજી તો એમાંનાં કેટલાંક ફલ માટેનાં બીજનું પણ સંશોધન કરિયે છિયે; કેટલાકના વેલા કે છોડ કે ઝાડ હજી ઉગાડિયે છિયે. જરા સબૂરી પકડો. હાલ જે કંઇ થોડા ઘણા બનાવો અને મહાપુરુષો અને સમયો વિશેની શોધખોળ મનમાનતી વધેલી છે તેનાથી ચલાવતા થાવ. ધીમે ધીમે તમારી તાત્કાલિક

ઉપયોગ–ઉપભોગની વસ્તુઓના ઢગ પણ વધતા આવે છે ખરા, એ જોઇને સંતોષ માનો. શાસ્ત્રીય ઇતિહાસની દૃષ્ટિએ હાલ જે આકાશમાંના ઇંદુ જેવી અપ્રાપ્ય વસ્તુઓ છે, તેને પણ "અમારી હથેળીમાં લાવી મુકો," એવી બાલિશ માગણીઓ ન કરવા જેટલા સમજુ બનો.[૬]

**શાસ્ત્રીય ઇતિહાસ એટલે શાસ્ત્રીય નિર્ણયોવાળો ઇતિહાસ. શાસ્ત્રીય નિર્ણય માટે બધો પુરાવો જોઇએ, આખી પરિસ્થિતિ ધ્યાનમાં લેવાવી જોઇએ, સામસામાં તમામ બલાબલની ચોકસ તુલના કરવી જોઇએ, દરેક નોંધ, ઉક્તિ, દાવા, તોહમત, અને સાક્ષીની વિશ્વસનીયતા કેટલી છે તે સકારણ નક્કી થવું જોઇએ અને એ સર્વમાંથી સત્ય–આખા સત્ય ને જ વળગી રહી, કારણ અને કાર્યની ઘટના શુદ્ધ ન્યાયબુદ્ધિથી કરવી જોઈએ. પુરાવો સીધો અને આડકતરો ઘણાઘણા પ્રકારનો હોય છે,** જેમાંના મુખ્ય પ્રકારોમાંના ઘણા વિશે જુદાજુદા ગ્રંથો જેટલો વિસ્તાર થઇ શકે. આડકતરા પુરાવામાં તે તે દેશકાલની અવશિષ્ટ રહેલી તમામ વસ્તુઓ આવી જાય છે. સાહિત્ય અને વાઙ્મય, કલાઓ અને ધંધા, આર્થિક, સાંસારિક અને ધાર્મિક પરિસ્થિતિ, આખી સંસ્કૃતિનો જ એમાં સમાવેશ થાય છે. તેમ તે પ્રદેશની ભૂરચના અને આબોહવા જેવાં લાંબા વખત સુધી એકસરખાં પ્રવર્તતાં કુદરતી કારણો પણ એમાં અગત્યનું સ્થાન ધરાવે છે.[૭]



દાખલા તરીકે રજપૂતો અને મુસલમાનો વચ્ચે લાંબા સૈકાઓ સુધી ચાલેલા સંગ્રામોમાં સામાન્ય રીતે કહેવાય છે, અને તે સ્થૂલ દૃષ્ટિએ ખરુ પણ છે, કે આપણને મોટે ભાગે એ વંશપરંપરાના કારી વિગ્રહોના એકતર્ફી–મુસલમાનોના જ–અહેવાલો મળી આવે છે. પરંતુ **અકબર** અને રાણો પ્રતાપ, જહાંગીર અને રાણો કર્ણ, એ વચ્ચેના મુસલમાની અહેવાલો જ તપાસો; પણ સાથે ડગલેડગલે એ પ્રદેશના ડુંગરો, ધારો, કિલ્લાઓ, સહેલા અને વિકટ રસ્તાઓ, જુદેજુદે સ્થળે દાણાપાણીની સોઇ, વગેરેનો પણ વિચાર કરતા જાવ. હું ધારું છું કે **અકબરનો** આશય **પ્ર**તાપને જડમૂલથી ઊખેડી નાખવાનો હતો જ નહીં. વિગ્રહ લાંબો ચાલતાં બંને પક્ષ હઠે ભરાય એ કુદરતી છે; સામો પક્ષ અતિ નબળો નીવડે તો જીતનાર પોતાની મૂલ ઇચ્છાના કરતાં વધારે બથાવી પડે, તેમ એથી ઉલટું અતિ બળવાન માલુમ પડે તો જીતનાર પોતાની ઓછામાં ઓછી મુરાદના કરતાં યે ઓછું સ્વીકારીને મન વાળે, એ પણ કુદરતી છે. **અકબરે** જેજે ઉપાયો યોજ્યા, એનાં થાણાં જ્યાંજ્યાં પડ્યાં, અને જેજે રસ્તે એના લશ્કરે શત્રુના કિલ્લા લીધા અને પોતાના કિલ્લા સ્થાપ્યા, તથા ચ્હડાઈઓ કરી, એ સર્વનું બારીક અવલોકન કરતાં, હું ભૂલ ખાતો ન હોઉં તો, લગભગ સિદ્ધ થઇ શકે એટલું સાફ માલમ પડી આવે છે, કે **અકબરનું** મૂલ લક્ષ્ય પોતાની

દક્ષિણ સરહદ પાકી કરવા માટે તથા પશ્ચિમ મેવાડનો ગુજરાતમાં ઊતરવાનો ધોરી માર્ગ પોતાનો કરી લેવાને માટે જેટલો મુલક જોઇએ તેટલો દબાવવાનું જ હતું. મુસલમાન લેખકોએ આપવડાઇમાં ઘણી વિગતો ખોટી લખી છે, દરેક ચ્હડાઈમાં પોતે જીત્યાનું જ લખ્યું છે, દુશ્મનોને ભાંડ્યા જ છે, અને આખા અહેવાલને દીનના વિજયના વાવટામાં લપેટી લીધો છે, અને કાફરો ઉપરના દ્વેષની લાળે તરબોળ કર્યો છે,* એ સર્વ માનવ પ્રકૃતિની એક સાધારણ ખાસિયતનાં પરિણામ છે. એ આપવડાઇ અને પર-દ્વેષની ખાસિયત ઇતિહાસિકને ડગલેડગલે નડે છે ખરી, પણ જ્યાંસુધી તે પોતાના વિષયની ઉપલી સપાટીએ જ તરે છે ત્યાં સુધી. તે જરા ઊંડો ઊતરે છે કે તુરત જે સાક્ષીના અહેવાલ વડે જ એને તપાસ કરવી પડે છે, તે સાક્ષીની ખામીઓને પેલે પાર એની દૃષ્ટિ જવા માંડે છે. અમુક યુદ્ધ વિશેની એણે લખેલી હકીકત ખરી હશે કે ખોટી એ તો મુકાબલે બહુ ન્હાની બાબત છે. આખા વિગ્રહ કે બનાવનું સત્ય સ્વરૂપ તેના હાથમાં પકડાઇ આવે છે. અને એ ઘણા વધારે મહત્વનું સત્ય છે. અકબર પછી જહાંગીર ગાદીએ આવ્યો

* આ વર્ણન મુસલમાન અહેવાલો અને ઇતિહાસોના ઘણા મોટા ભાગને લાગુ પડે છે. અકબરના સમયના અહેવાલો મુકાબલે બહુ સારા છે, રજપૂતો અને રાણા પ્રતાપના કેટલાક ગુણ સ્પષ્ટ સ્વીકારે છે.



ત્યારે એની પણ મેવાડ ઉપર લાંબા વખત સુધી ચ્હડાઇઓ થઈ. એ વિગ્રહના મુસલમાની અહેવાલો તપાસિયે છિયે, એ ચ્હડાઇઓના પ્રદેશને ભૂરચના સાથે મેળવિયે છિયે અને પરિણામનો સંધિ થયો તેની શરતો વિચારિયે છિયે, ત્યારે તો આ લાંબા ચાલેલા મુકાબલા વિશેના મુસલમાનોના વિજયોની નોંધના અહેવાલોમાંથી પચાશ ટકા કરતાં પણ વધારે બાદ કરવા જોઇએ એમ ખાતરી થાય છે; સર **ટામસ રો** અને ટાડનાં એ વિગ્રહો અને તેના પરિણામનાં ચિત્ર વધારે સાચાં ગણવાનું પ્રાપ્ત થાય છે; અને મેવાડના રાણાએ મુઘલ સામ્રાજ્યના લશ્કરી બલ સામે યશસ્વી ટકાવ કર્યો તથાપિ મુઘલોનો લગભગ કાયમનો ઘેરો અને તેમાંથી પરિણમતું લાંબા કાલનું આર્થિક દબાણ ( economic pressnre ) એ કે એની પ્રજા સહી ન શક્યાં, અને તેથી કરીને જ એણે જહાંગીરે બક્ષેલી અતિ ઉદાર શરતો માન્ય રાખી કેવળ નામની તાબેદારી સ્વીકારી, એ સાબીત થાય છે.

આ પ્રકારના બીજા દાખલાઓ પણ છે, પરંતુ તે અહીં નોંધવા જતાં લંબાણ થઇ જાય, માટે હવે આપણે વિષયની બીજી બાજુ તર્ફ વળિયે. જ્યાંજ્યાં બીજા અને સ્વતંત્ર તત્કાલીન અહેવાલો મળી આવે ત્યાંત્યાં તે વડે મુસલમાની અહેવાલોનાં સત્યાસત્ય તપાસવાં, અને બંને વર્ગના અહેવાલોને તેતે ભાગની ભૂરચના, તેતે સમયની પરિસ્થિતિ આદિ સાથે ઘટાવી જોવા, એ બંને સિદ્ધાન્તો

ઇતિહાસના શાસ્ત્રીય અભ્યાસને માટે સર્વમાન્ય છે. આ ઉપરાંત શાસ્ત્રીય અભ્યાસક દરેક જાતના સાધનની અંગત ખામીઓ વિચારે છે અને તેનાથી ચેતતો રહેવા હરએક પ્રયત્ન કરે છે. રાજતરંગિણી, હર્ષચરિત, વિક્રમાંકદેવ ચરિત, કહ્નાનડદે પ્રબંધ આદિ હિંદુ ઇતિહાસોની ખામીઓ ચારે બાજુએ સ્વીકારાય છે, બલ્કે એ ખામીઓ છે તે કરતાં પણ મોટી અને વધારે ગણવાની પ્રથા પડી ગઇ છે. એથી ઉલટું મુસલમાની સાધનોની ખામીઓ ધ્યાનમાં લેવી જોઇએ એટલી લેતાં હજી પણ આપણે શીખ્યા નથી. હિંદુ સાધનો નથી જ, ઐતિહાસિક ગણાય. એવાં સાધનો ફક્ત આ મુસલમાની છે, એ ઇતિહાસશોધકોની પ્હેલી પેઢીનું મત હતું. પછી એમાં સુધારો થતો આવ્યો છે ખરો, તથાપિ હજી મુસલમાની સાધનોને આપણે હદથી વધારે વઝનદાર ગણિયે છિયે. હિંદુ સાધનો મળતાં ગયાં તેમ તેમ પ્હેલું મત ફર્યું ખરું, પરંતુ જે મળ્યાં તે હિંદુ સાધનોને મુકાબલે મુસલમાની સાધનો ઐતિહાસિક દૃષ્ટિને પ્રથમ દર્શને વધારે માની શકાય એવાં જણાયાં. એ વાઙ્મયમાં તારીખો, બનાવો, વંશાવલિઓ, અમલદારો અને સ્થળોનાં નામ વગેરે વિગત ઘણી વધારે અને ચોકસ હોય છે, અને વળી તે એક ક્રમબદ્ધ ઇતિહાસ રૂપે અને ગદ્યનાં ધોરણો ઉપર લખેલી છે એ ઉઘાડું છે. પરંતુ બીજી બાજુ પણ જરા વિચારો. જે લેખકોને હાથે એ લખાયા છે તેમની ખાસિયતોથી,



જે વાંચનારા માટે એ લખાયા છે તે પ્રજાના લોકમતના રૂઢ વલણોથી,[૯] અને જે ફારસી અરબ્બી સાહિત્યનું અનુકરણ એ કર્તાઓએ પોતાના સ્વતંત્ર ગ્રંથ રચતાં જાણ્યે અજાણ્યે કર્યું છે, એ સાહિત્યમાંની ભાવનાઓથી એ સર્વ અહેવાલો રંગાયા હોય એ સ્વાભાવિક છે; અને આથી કરીને હું જે અહીં ભાર દઇને કહેવા માગું છું તે એ છે કે આ સર્વ એક સામાન્ય વ્યાપક ચેતવણી તરીકે સ્વીકારે છે તે અભ્યાસકો પણ એ ચેતવણીમાંથી ફલિત થતી શાસ્ત્રીય અશ્રદ્ધા (scientific incredulity or independence) ખરી રીતે કેટલી તો વિશાળ અને ઉંડી હોવી જોઇએ, તે સામાન્ય રીતે ભૂલી જાય છે. આમાંથી દરેક લેખકની જુદીજુદી ખાસિયતોનો વિષય અતિ વિશાળ, અને મુસલમાની વાચક વર્ગના વલણનો વિષય જાણીતો, એથી એ બંનેના ઉપર કરેલા નિર્દેશથી જ સંતોષ માની, ત્રીજી ફારસી અરબ્બી સાહિત્યમાંની ભાવનાઓ વિશે અહીં થોડોએક વિચાર કરિયે. દરેક સંસ્કૃતિસંપન્ન પ્રજાના સાહિત્યમાં અમુક ભાવનાઓ ઓતપ્રોત હોય છે જ, અને એ ભાવનાઓ જ જુદાજુદા દૃષ્ટિબિંદુથી અને વિવિધ અનુભવોની સામગ્રીમાં દોરાતી ચિત્રાતી એ સંસ્કૃતિમાંના સાહિત્ય ફિલસૂફી અને ધર્મનાં વિશિષ્ટ સ્વરૂપ કલ્પે છે. ઇતિહાસમાં પણ એ ભાવનાઓની છાપ ઉંડી અને આરપાર પડે છે. મુસલમાની સાહિત્યની એક ભાવના ભક્ત જનની-દીનપર

સ્તીની. આપણા સુલતાનોમાંથી જેનાજેનામાં આ વલણ કંઇ યે આગળ પડતું હશે, તેતે દરેકને આપણા ઇતિહાસકોએ નમૂનેદાર ભક્તજન જેવો ચિત્રી દીધો છે. એ સાહિત્યની બીજી ભાવના અજિત વિજેતાની; એ વીર નર લોહીની નદીઓ વ્હેવડાવે, રડવડતાં માથાંના પિરમિડો રચે, ચ્હડાઇઓ કરે, ચોતર્ફ દુશ્મનો એનાથી ત્રાસે જ, અને રાજ્યનો વિસ્તાર એ વધાર્યે જ જાય. ત્રીજી ભાવના વહીવટકુશળ રાજ્યકર્તાની. આપણા સુલતાનોમાં કેટકેટલામાં આ નમૂનાઓ અને તેમના વિવિધ મિશ્રણ જોવામાં આવે છે ? એ સાહિત્યની બીજી એક ભાવના મદોન્મત્ત ઉચ્છૃંખલ પૌરુષની.૧૦ જેની સામે આંખ ફાટે તે ચપટીમાં ચોળાઇ જ જાય—એવા સુલતાનો પણ આપણા ઇતિહાસોમાં ક્યાં ઓછા છે ?... આ પ્રમાણે જ્યારે વિચાર કરિયે છિયે, ત્યારે એ ઇતિહાસોને જ્યાંજ્યાં સ્પષ્ટ ખોટા ઠરાવી ન શકિયે તેતે સર્વ વિગતોમાં ખરા માનવાનું વલણ અત્યાર સુધી પ્રવર્તે છે, તે કેવું અશાસ્ત્રીય છે, એ આપણી સમઝમાં આવવા માંડે છે.

મુસલમાની ઇતિહાસોમાં જે આપેલું છે તેમાં આ પ્રમાણેની ખામીઓ છે, જે મહત્ત્વની છે, ત્યારે એમાં જે આપેલું નથી, જે હોય જ નહીં, તે એની સાથે તુલના પણ ન થઇ શકે એટલા વધારે મહત્ત્વનું છે. કુતુબુદ્દીને દેહ્લીની ગાદી સ્થાપી ત્યાંથી ઇ. સ. ૧૫૫૬ સુધીના સાડાત્રણ સૈકામાં દેહ્લી અને લાહોરથી તે દ્વારસમુદ્ર અને



વરંગળ સુધી જે ન્હાનીમોટી સલતનતો લાંબો ટુંકો સમય
ચાલી, તે સર્વને એક સામટી લેતાં આપણા મગજ ઉપર
કેવી છાપ પડે છે વારુ ? જાણે, અમુક સ્થળે એક વિદેશી-
ઓની છાવણી પડે. તેમાં એ છાવણીના માણસોને રુચે
એવા જ દેશી માણસો છાવણીના દાસાનુદાસ તરીકે જ
વસી શકે. તેની મર્યાદાની આસપાસ એક મોટું વર્તુલ જાણીને
જ ખેદાનમેદાન કરવામાં આવે, તે છાવણીના પોતાના
અભેદ્ય રક્ષણ તરીકે. આ ખેદાનમેદાન વર્તુલમાંથી લશ્કર
મરજી પડે ત્યારે બ્હાર ધસે, ફાવે એટલી લાંબી મજલ
કરે, અને લુંટથી તથા ગુલામ કરેલાં "બાનો" નાં ટોળાં-
ઓથી લાદેલું પાછું છાવણીમાં પેસે. ખેતી, ધંધોરોજગાર,
આબાદી, સમૃદ્ધિ, જાહોજલાલી આ છાવણીના ક્ષેત્રફલની
અંદર જ. મેહનત, મજુરી, કસબ, અક્કલ, મુખ્યત્વે ગુલા-
મોની એટલે કે દેશીઓની. જેમજેમ છાવણીએ રોકેલો
પ્રદેશ અને તેમાંની વસતી વધે, તેમ તેમ તેની આસપાસનું
ઉજડ વર્તુલ પણ વધે અને તેમાંથી ધસી આવતી ચ્હડાઇઓ
પણ વધે. એથી ઉલટું છાવણીના નાયક સુસ્ત કે નિશાબાજ
હોય અથવા તેમાંના અમલદારોમાં કલહ કુસંપ હોય, તો
આખી છાવણીનું બળ તુરત ઘટે, તેનું ક્ષેત્રફળ, તેની વસતી,
આબાદી, સર્વ એકદમ ઘટે. છાવણીથી આઘે અમુક કિલ્લો
કે સ્થળ હાથમાં આવે અને ત્યાં સ્થાયી વસવાનું ઠરાવવામાં
આવે, કે તે પણ એક ન્હાની છાવણીનું મધ્યબિન્દુ બને.

અને વળી હિંદની પારના મુસલમાની મુલકમાંથી ટોળાં ધસી આવી છાવણી ઉપર હુમલા કરે, તેમાં ઘુસી જાય, એટલે પ્રવર્તે જૂના અને નવા વચ્ચે ઝપાઝપી અને કાપાકાપી,—જ્યાં સુધી સૌ માથે સવાશેર બનીને એક જણ આખી છાવણીને પોતાની આણ તળે આણી શકે ત્યાં સુધી...

મુસ્લિમ ઇતિહાસોમાં જે છે તે આ સર્વ ફેરના લાંબા-ટૂંકા અહેવાલો છે. હિંદનો સાડાત્રણ સૈકાઓનો ઇતિહાસ તે આ? મુસ્લિમો કદાચ કહેશે, “હા, એ જ હિંદનો એ સમયનો ઇતિહાસ.” જેઓ અવ્વલ દરજ્જે મુસલમાન છે, હિંદવાન બીજે દરજ્જે જ છે, તેઓ એ પ્રમાણે માને તે પણ કુદરતી છે. પરંતુ હિંદુ નહીં એવામાંથી જેઓ—મુસલમાનોમાં પણ[૧૧]—અવ્વલ દરજ્જે હિંદવાન છે, અને વળી જેઓ **હિંદની સંસ્કૃતિને દુનિયાના એક મહાદૈવતનો અવતાર ગણે છે, અને વેદકાળથી આરંભીને આજ સુધીમાં તેના થયેલા પરિવર્ત્તો અને દશાન્તરોનાં સ્વરૂપ કારણો સાથે ઊકેલવા માગે છે,** તે સર્વ તો ડોકું ધુણાવશે, અને જુદું જ કહેશે. તેઓ કહેશે: હા, આ છાવણી અને તેના બળની ઇયત્તા અમે જોઈ. એના કારણો અને એમાં થતા ફેરફારોનાં અન્તર્ગત બીજ પણ જોયાં. હિંદના ઇતિહાસમાં એને પણ સ્થાન છે ખરું. પરંતુ એ સમયના હિંદના ઇતિહાસનો અત્યંત વધારે મહત્ત્વનો ભાગ તો એ છાવણીની બહારના હિંદુ પ્રદેશના



ઇતિહાસને જ ગણિયે છિયે. અને તેને માટે તો આ અહેવાલો નહીં જેવી જ માહિતી પૂરી પાડે છે. એ પ્રદેશના ઇતિહાસની જરૂર તેને પોતાને માટે છે એટલું જ નહીં, આ છાવણીશાહીના ઇતિહાસને પણ પૂરેપૂરો ઊકેલવામાં એ હિંદુ પ્રદેશનો ઇતિહાસ નથી, એ મોટી ખોટ પડે છે.

અને આ વિચારશ્રેણિમાં એક ડગલું આગળ પણ વધી શકાય છે. સાડાત્રણ સૈકા દરમિયાન થયેલી બધી જ સલતનતોમાં છાવણીશાહી પૂરેપૂરી પ્રવર્તેલી નથી. ‘એ છાવણીશાહીનો શુદ્ધ નમૂનો—આપણે તાબે કરેલી પ્રજાના પ્રમાણમાં એટલા તો નિર્બલ છિયે કે-અપ્રાપ્ય છે, અથવા તો, એ નમૂનો જ દુષ્ટ છે, આપણે કંઈક બીજો પ્રયોગ કરિયે,’ એવા સ્પષ્ટાસ્પષ્ટ વિચારથી પ્રેરાઇને કેટલીક સલતનતો મૂલથી જુદા નમૂનાની રચાઇ હતી, અને કેટલીક પાછળથી નબળી પડતાં મને-કમને મૂલ નમૂના કરતાં જુદા સ્વરૂપની થઈ હતી. ટૂંકામાં, મુસલમાન સલતનતો સ્થપાઇ તો ખરી, પણ હિંદુઓના વત્તાઓછા ટેકાથી જ નભી શકે એવું પણ કેટલીકનું સ્વરૂપ ઘડાયું. સનાતન હિંદુ સંસ્કૃતિમાં રાષ્ટ્રને જે સ્થાન આપવામાં આવ્યું છે, ક્ષત્રિય રાજાઓના હક્કની જે મર્યાદાઓ આંકી છે, અને તેમને માથે જે ફરજો નાખી છે, એમાંનું કેટલુંક આ વિદેશી મ્લેચ્છોએ સમઝયે-અણસમઝયે પણ સ્વીકાર્યું અને કૃતિમાં ઉતાર્યું. બંગાળ, જોનપુર, માળવા, ગુજરાત અને ગુલ્બર્ગ તથા તે ફાટતાં

ચયેલી નિઝામશાહી આદિ સલતનતો આ મિશ્ર રૂપની હતી. મહાન મુઘલ સલ્તનતને પણ અકબરે છાવણીશાહીમાંથી આ પ્રકારની બનાવેલી. અને આવો પરિવર્ત સર્જવામાં અકબરે જેટલો વિજય મેળવ્યો, તેટલોજ દુનિયાના મહાન રાજાઓમાં ગણાવાનો એનો હક્ક છે. અર્થાત્ વસ્તુસ્થિતિ આ જાતની હતી તો ઇ. સ. ૧૫૨૬ લગીની મુસ્લિમ સલ્તનતોને વિશે એક ગંભીર સવાલ ઉત્પન્ન થાય છે. છાવણીશાહી અને મિશ્ર એ બે સ્વરૂપની સલતનતોમાંથી હિંદના ઇતિહાસની દૃષ્ટિએ વધારે મહત્ત્વની કઇ સલતનતોને ગણવી ? શુદ્ધ છાવણીશાહી સલતનતોને કે મિશ્રને ? મુસ્લિમ અહેવાલો શુદ્ધને જ વધારે ગૌરવ આપે છે. મિશ્ર સલતનતોના એમના ઇતિહાસ છેક ત્રુટિત, અપૂર્ણ અને ટુંકામાં પતાવેલા છે. આ પણ એ અહેવાલોની એક ગંભીર ન્યૂનતા છે. **મુસલમાન અને હિંદુ સંસ્કૃતિના નિકટ સંબંધમાંથી જે મહાભારત પરિવર્તો થઇને, આપણી હાલની સંસ્કૃતિની જનેતા અને પૌરાણિક હિંદુ સંસ્કૃતિની પુત્રી એટલે હિંદની મધ્યકાલીન સંસ્કૃતિ ઉત્પન્ન થઇ, તેનાં સર્વ મૂલ આ મિશ્ર સલતનતોમાં છે.** હિંદુ સંગીત, હિંદુ કલાઓ, ઉર્દુ આદિ વર્તમાન ભાષાઓ અને તેમનાં વાઙ્મય, હિંદુ નાતો જાતો અને હિંદુ પ્હેરવેશ અને સાંસારિક રિવાજો; હિંદુ કથાઓ, કિસ્સાં, ભવાઇઓ, રામલીલાઓ; ભજનો, અને તમામ લોકસાહિત્ય, સર્વનાં



ઉગમસ્થાન અહીં છે. એમાંનું કેટલુંક છાવણીશાહી સલતનતોમાં શરુ થયું હશે, તે પણ, સંભવિત છે કે, આ મિશ્ર સલતનતોમાં સ્વીકારાઈ ફેલાઇને જ બ્હારની હિંદુ વસતીમાં પ્રવેશ પામ્યું. આપણે આ સાડાત્રણ સૈકાઓનો જે ખરો ઇતિહાસ ઊકેલવાનો છે તે આ જ છે. **આરંભે હિંદુપૌરાણિક સંસ્કૃતિનું હિંદના જુદાજુદા ભાગોમાં કેવું સ્વરૂપ હતું, બૌદ્ધ જૈન આચારવિચારનો તેમાં જુદા જુદા પ્રાંતે કેટકેટલો ભેગ હતો, મુસલમાની સંસ્કૃતિનો હુમલો થતાં અને બંને સેળભેળ થતાં શા શા ફેરફાર કયા અનુક્રમમાં કેટલા બલથી કયાં કારણોને લીધે પ્રવર્ત્ત્યા, અને અંતે જેજે વિશિષ્ટ આકારમાં સ્થાયી થયા તેનો ખરો ખુલાસો શો જણાય છે?**—એ જ મધ્યકાલીન હિંદના ઇતિહાસનો મહાભારત સવાલ છે, જે હજી સુધી મોટે ભાગે અનુત્તર રહેલો છે. વળી, એ ઉત્તર ઘટાવવામાં એ આપણા મુસ્લિમ અહેવાલો, સાધનો તરીકે, બહુ ઉંચી પંક્તિના ગણી શકાય એમ છે નહીં. દાખલા તરીકે, આ દૃષ્ટિએ અમીર ખુશરૂના ઐતિહાસિક લખાણો કરતાં એનાં બીજાં લખાણો ઘણાં વધારે કીંમતી છે. મતલબ કે ઉર્દુ, બંગાળી, ગુજરાતી આદિ વર્તમાન, અને ફારસી, અર્ધમાગધી, અપભ્રંશ સંસ્કૃત આદિ જૂની ભાષાઓનું એ સૈકાઓનું—ચોકસ એ સૈકાઓનું ગણી શકાય એવું—સર્વ સાહિત્ય, જેજે મળી આવે તે સંશોધીને પ્રકટ કરવું, એ

આ સમયના ઇતિહાસનું જ એક અતિ મોટું કાર્ય છે. સાહિત્યની કે બીજી કોઇ દૃષ્ટિએ તે કૃતિઓ ગમે તેટલી ઉતરતી જણાય, તથાપિ એ સમયની સંસ્કૃતિનો ઇતિહાસ ઘટાવવાને માટે એ જ સર્વોત્તમ સાધન ગણવાનું છે, એ નિર્વિવાદ છે. આપણા વિદ્વાનોમાં ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલે‡ આ દિશામાં સારી પ્રવૃત્તિ આરંભી હતી, તે એક કરતાં વધારે વિદ્વાનોએ આગળ ચલાવવાની આવશ્યક્તા છે. હિંદના મધ્યકાલીન ઇતિહાસના શોધકોને માથે આ કર્તવ્ય ઘણું મોટું છે, અને તેમાં પ્રાન્ત પ્રાન્તના વિદ્વાનો અને સરસ્વતીપોષક સંસ્થાઓના સહકાર જેમજેમ વધતા જશે, તેમ તેમ ઉંચી કોટિની કાર્યસિદ્ધિ મળતી જશે. પૃથ્વીરાજ રાસૌ જેવા ગ્રંથ છેક પુરાણ જેવા સાબીત થઈ ઐતિહાસિક સાધનોમાંથી બહિષ્કૃત થશે, કહાનડદે પ્રબંધ, જ્ઞાનેશ્વરી જેવા ગ્રંથની જૂનામાં જૂની પ્રતો ઉપરથી સંશોધિત આવૃત્તિઓ પ્રકટ થશે અને તેમાંની ઝીણીમોટી તમામ વિગત છણાઈતવાઈ પોતાનો ઐતિહાસિક ફાળો આપશે, પ્રબન્ધચિન્તામણિ, ચતુર્વિશતિ પ્રબંધ, આદિમાંથી કેવળ દંતકથાના તમામ ભાગ ગાળી નાખવામાં આવશે, મુસ્લિમ તવારીખોમાંથી પણ નાસાબીત રહે તે બધું જ ત્યજી દેવાશે, તેમતેમ જ સંગીન ઐતિહાસિક ઇમારત ચણી શકાશે.૧૨

‡ જુવો બરોડા સીરિઝમાં એમણે પ્રકટ કરેલાં અને તૈયાર કરવા માંડેલાં પુસ્તકો, પાંચમી પરિષદ્ માટે એમણે લખેલો નિબંધ, વગેરે.



## § ૩. આર્થિક ઇતિહાસ.

લખેલો ઇતિહાસ ઉત્પન્ન થાય છે, અને બનેલા બનાવની નોંધ, સ્મારક, ચિહ્ન આદિ સ્થાયી રૂપમાં જળવાય છે, એ માનવ પ્રકૃતિના ઉચ્ચ, મધ્યમ, અને નીચ ત્રણે જાતના ગુણોનાં પરિણામ છે. લખેલાં સાધનોમાં અમુક પુરુષ વિશે ગીતો, પ્રશસ્તિઓ, જીવનચરિતો, અને માણસે પોતે પોતા વિશે લખેલી કે કહી રાખેલી હકીકત, ક્રમબદ્ધ અહેવાલો અને ઇતિહાસોથી કંઈક વહેલાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ખરાંખોટાં જીવનચરિતો અને તેનાં ખરાંખોટાં સાધનો ઝમાને ઝમાને પેદા થઈ તેમાંનો મોટો ભાગ પાછો કાળની ગુફાના અંધકારમાં સમાય છે. છાપખાનાનો ઉપયોગ અને લખવાવાંચવાની આવડત વધારે ફેલાય છે, તેમતેમ આ સાધનોનો જથ્થો અતિશય વધી જાય છે, અને તેમાંનો ઘણો ભાગ વધારે લાંબા વખત સુધી પુસ્તકાલયો, વર્તમાનપત્રોના જૂના અંકો, ખાનગી સંગ્રહો આદિમાં જળવાઈ રહે છે; અને આથી કરીને ઇતિહાસકને જોવાવિચારવાની સામગ્રીનો ગંજ વધી પડે છે એટલું જ નહીં પણ તે ગુંચવણોથી ભરપૂર બની જાય છે. સરવાળે સત્ય જ્ઞાનની ઉપલબ્ધિ અને સ્થાપનાનો સંભવ વધે છે કે શી રીતે, એ વિશે ઇતિહાસક્ષેત્રના ધુરંધર પંડિતો હજી શંકામાં છે. પરંતુ આપણે ત્યાં તો આ સર્વ ક્રમ હજી બીજદશામાં છે. અને એવાં સાધનો વધે, તેમ તે વધારે ફેલાય અને વધારે ચર્ચાય,

એ જ આપણા પ્રાંતમાં હજી જરૂરનું છે. ભગવાનલાલ ઇંદ્રજી, દયાનંદ સરસ્વતી,[૧૩] અને નર્મદ જેવા મહાપુરુષોના પણ જોઇએ એવા ચરિત્રગ્રંથો લખાયા નથી. ગગા ઓઝા, હરિદાસ વિહારિદાસ અને ગોકળજી ઝાલા[૧૪] જેવા રાજપુરુષોનાં ચરિત્રોની પણ ખોટ જ રહેલી છે, અને તે હવે પૂરાવા સંભવ પણ ઓછો જણાય છે. આ પ્રમાણે શું શું નથી અગર જોઇએ એવું નથી, એની યાદી કરવા બેસિયે તો લાંબી થાય એમ છે, પણ એ પ્રમાંણે વખત ગાળવામાં બહુ સાર નથી.[૧૫] મુવેલાં માણસ, ખોવાયલાં સાધન, વહી ગયેલા અવસર, યમરાજ પણ પાછાં આપી શકે નહીં. એટલે તેને બદલે આ પ્રદેશમાં આપણા વાઙ્મયમાં છેલ્લી બે પેઢીએ જે કરી બતાવેલું છે, તેના જ કંઇ નમૂના ઇતિહાસદૃષ્ટિએ કંઇક જોવા તર્ફ વળિયે.

આખી ઝિંદગી કે તેમાંનો પાંચદશ વર્ષ જેટલો પણ સમય મોટી કામગિરીમાં કે કોઈ ઉચ્ચ ભાવનાની સેવામાં ગાળેલ હોય એવા માણસો વિરલ હોય છે. પરંતુ કોઈ એક મોટા બનાવ કે સંજોગમાં કોઇ રીતે સામેલ થઈ જવાથી અમુક કૃત્ય માટે નામના મેળવનારા પ્રમાણમાં ઘણા વધારે હોય છે. આના બે ત્રણ દાખલા જોઇયે.

ઇ. સ. ૧૮૮૩ માં તાપી નદીમાં રેલ આવી હતી તે તા. ૨ થી ૬ જુલાઇ સુધી રહી હતી, તેમાં કેટલાંક ગામ અને સુરતનાં પરાં આખાં તણાયાં હતાં. એ બનાવ



વિશે ગોપીપુરા કન્યાશાળાના મુખ્ય મહેતાજી વલ્લભરામ ઇચ્છારામે રચેલી કવિતામાં નોંધ્યું છે કે દાદાભાઈ પાંડિયા નામના તારાએ એ દિવસોમાં રાતદિવસ પાણીમાં ગાળીને તણાઇ આવતાં માણસોમાંથી એકસો ને છને ઉગાર્યા હતાં. આ પરાક્રમ સદાકાલને માટે નોંધી રાખવા જેવું અસાધારણ કહેવાય. આપણે શાળોપયોગી ચોપડીઓમાં સેન્ટ બર્નાર્ડ અને ન્યૂફાઉન્ડલેન્ડ કૂતરાઓની સેવાઓ નોંધિયે છિયે, અને માણસે પોતાની જાતને જોખમમાં નાખી કરેલી મોટી સેવાઓના અહીંના દાખલા આપણને જડતા નથી, એટલે તે પણ યુરોપીય નોંધોમાંથી ઉછીના લઇયે છિયે, તથા સામાન્ય રીતે માનિયે છિયે કે આપણે ત્યાં એવી વીરતા, એવું પૌરુષ, એવી સમયસૂચકતા, એવું સાહસ પાકતાં જ નથી. પરંતુ આ આપણું આપણા લોકો માટેનું હીણું મત વાસ્તવિક નથી: બહુરત્ના વસુન્ધરા. અહીં પણ રત્નો પાકે છે, અહીં પણ ખરી જરૂર વખતે માણસો નીકળી આવે છે, જોઇતી સેવા બજાવી આપે છે, અને થોડા વખત સુધી આપણે સૌ તેમની વાહવા એક અવાજે કરિયે છ ખરા, પણ પછી પાછા બધું છેક ભૂલી જઇયે છિયે. મોટી રેલની કારમી ×

× વળી તાપીના વહેનોમાં તો સપાટીથી અંદર ઉતરી જતાં વહનો ઘણાં જ છે, અને મોટાં ઝાડ અને લક્કડ પણ આવાં વહનોમાં અંદર ખેંચાઇ કટકે કટકા થઇ જઇને જ પાછાં ઉપર

તાણમાંથી એકસોને છ મુડદાં જેવી કાયાઓને કાંઠે આણનાર માણસની આપણે શી કદર કરી ? ઉપલી જ કવિતામાં નોંધ્યું છે કે એને એક ઘડિયાળ રૂા. વીશનું ઇનામ આપવામાં આવ્યું અને "રેલ ફંડ"માંથી રૂા. સોની ભેટ મળી. આ કવિતા રચાઇ છે તે પણ કવિતા તરીકે છેક દમ વગરની છે. અને વળી એ કંઈ દાદાભાઇના ગુણગાનની કવિતા નથી, રેલના આખા વિષય ઉપરની છે. બસ, એ જ. અને અત્યારે આપણે એના બાપનું નામ, એનો ધંધો, એનો વારસો કોઇ હશે કે નહીં, એ કશું જ જાણતા નથી. આર્થિક ઇનામ કે બદલો એને વધારે મળવો જોઇતો હતો એમ હું સૂચવવા પણ માગતો નથી. બચાવેલા જીવ દીઠ એને રૂા. એકથી કંઈક વધારે અપાયું તે ઓછું ગણાય, એને દર જીવે રૂા. સો કે હજાર મળ્યા હોત તો ઠીક ગણી શકાત, એવાં મતનો હું નથી. આવી સેવાનો આર્થિક બદલો હોય જ નહીં—એ ત્રાજવે એ મૂલ્ય થાય જ નહીં. વળી એની સેવાના પ્રકાર ઉપરથી હું ધારું છું કે એ માણસ તે વખતે ભરજુવાનીમાં જોઇએ, અને માથાની તાલકીથી પગના તળિયાં સુધી નમૂનેદાર બાંધાનો હોવો જોઇએ. પ્રાચીન ગ્રીસમાં આવો મર્દ માણસ થયો હોત તો તેની સંગેમરમરની પ્રતિમા સર્જાઈ હોત.[૧૬] આપણે તો એની છબી પણ સાચવી

---

આવે એમ ઘણીવાર બને છે:—જુઓ Hunter's Imperial Gazetteer XIII (1887), p. 204.



રાખવાની અક્કલ કે ગુણજ્ઞતા વાપરી નથી. નિઃસંશય, જે પ્રજાઓમાં ઇતિહાસનાં સાધનો નથી ઊપજતાં. નથી જળવાતાં, નથી ચર્ચાતાં, તે તે પ્રજાઓના અતિશય સ્વાર્થી અને અકૃતજ્ઞી સ્વભાવનું જ એ પરિણામ[૧૭] છે.

ઐતિહાસિક બનાવ એટલે સામાન્ય રીતે રાજકીય અને આર્થિક બનાવો સમઝાય છે. અને રાજકીય તથા આર્થિક બનાવોનો અન્યોન્ય સંબંધ એટલો નિકટ છે કે ઇતિહાસના ક્ષેત્રમાં કેટલાક વિદ્વાનો રાજકીય બનાવોના કારણ રૂપે બહુધા આર્થિક બનાવોને આગળ કરે છે. આ મતમાં તથ્યાંશ કેટલો છે એ ચર્ચા અહીં આપણને ઉપયોગી નથી, પણ મોટા આર્થિક બનાવો ઇતિહાસના ક્ષેત્રને ગમે તેટલું સંકુચિત ગણિયે તોપણ તેમાં આવે એ મત સર્વમાન્ય છે. યુનાઇટેડ સ્ટેટસમાં આન્તર વિગ્રહ (civil war) જાગતાં દુનિયાને આપણે છેડે ઠેઠ મુંબાઇમાં શેરસટ્ટાની મોટી આર્થિક ઉથલપાથલ થઈ, તેમાંથી આપણા મધ્યમ વર્ગના લોકોએ જે સાર કહાડ્યો તેની અસર ગુજરાતના કેટલાક ભાગમાં એક આખી પેઢી ચાલી, એ મ્હેં બીજે સ્થળે નોંધેલું છે.[૧૮] આ બનાવના ગુજરાતીમાં સુભાગ્યે એકથી વધારે અહેવાલો છે, જેમાંથી આગળ પડતા અનેક સાહસિક નરોનાં જીવનચરિત વિશે સારી માહિતી પારસી કવિ મનસુખ કૃત "શેયર અને સટ્ટાબાજી"ની ચોપડી પૂરી પાડે છે. આ શેરસટ્ટાના એક પરિણામ તરીકે સરકારે

કાટન ફ્રોડસ એકટ ( Cotton Frauds Act ) કર્યો, અને જ્યાં જ્યાંથી રૂ મુંબાઇ જતું તે સર્વ સ્થલે અમલમાં મુક્યો, એટલે તે દરેક સ્થળે રૂમાં ભેળસેળ ન થાય તેની ચોકસાઈ રાખવા માટે એક ખાતું એક મુખ્ય અમલદારના હાથ તળે મુક્યું. આ અમલદારોમાંથી ધોલેરામાં નીમાયલા ન્હાનાભાઇ નરોત્તમદાસે ત્યાંની પ્રજામાં પોતાની સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, ન્યાયવૃત્તિ, નીડરતા અને માથે લીધેલું કામ ગમે તે મુશ્કેલી આવે અગર શ્રમ પડે પણ સોળ આના સફાઇથી કરવાનો ટેક,–એ ગુણો * માટે એવી તો છાપ પાડી, કે કેટલાક વખત સુધી એ ધોલેરાના મુકુટ વગરના રાજા જેવા હતા એમ કહી શકાય. અને એ સમય દરમિયાન એના હાથથી બે મોટાં કામ પણ થઇ શક્યાંઃ ધોલેરાના જૂના તળાવનું સમારકામ, અને મારવાડમાં મોટો કાળ પડેલો ત્યારે ત્યાંથી કેટલાક મહિના સુધી ચાલ્યાં જ આવતાં સેંકડો દુકાળિયાં માટે ખોરાકી કપડાં મજૂરી અને દવામાવજતનો બંદોબસ્ત. એક લાખ રૂપિયાની મોટી રુશવતથી ન લલચાયાની બીના સર ચિમનલાલ સેતલવાડના દાદા અંબા-

---

* આપણી પ્રજામાં કેળવાયેલાઓની પ્હેલી પેઢીમાંથી આવા ગુણો માટે દુર્ગારામ મહેતાજી, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, અંબાલાલ સાકરલાલ, પ્રાણલાલ મથુરાદાસ, મહીપતરામ રૂપરામ, આદિ જાણીતા થયા છે, તેમાં આ સુરતની કાયસ્થ જ્ઞાતિનો એક દાખલો વધે છે.



શંકર માટે તેમ આ ન્હાનાભાઇ માટે માત્ર આખ્યાયિકા નહીં પણ એક ચોકસ ઐતિહાસિક બનાવ છે. ન્હાનાભાઇને વાંસદાની દિવાનગિરી બે વખત મળી હતી, પણ બંને વખત એ ત્યાં ટુંકી મુદ્દત જ ટક્યો. એનો અમલ તે ઝમાનાના રાજકુટુંબ અને દરબારીઓને કડક પડે એ સમઝવું મુશ્કેલ નથી. ધોલેરામાં પણ કાયદો એ ને એ પણ તેનો અમલ કરવામાં વખત ફરતાં સરકારે જ્યારે ઢીલું મુકવાની નીતિ આદરી, ત્યારે ધોલેરાના કેટલાક વેપારીઓએ સમય વર્તી ન્હાનાભાઇ સામે સાચીજૂઠી અરજી કરેલી, તેના જવાબમાં સરકારે દહીંદૂધ બંનેમાં પગ રાખવા જેવું કર્યું, ત્યારે સંભવિત છે કે, ન્હાનાભાઈ જેવા એકમાર્ગીને આકાશ જાતે સ્વેચ્છાથી રસાતલ જતું હોય એમ ભાસ્યું હશે. એ ઝમાનાના અંબાલાલશાઈ મગજોમાં બાંધછોડ, કુનેહ, સમય વર્તવો, માણસો જોવાં, ધીરજ રાખવી, “ ધીરે ધીરે સુધારાનો સાર ” સાધવો–Compromise, tact, policy, patient and gentle pressure, a gradual purification of the entire atmosphere–એવી બાબતો હતી જ નહીં, અગર અપ્રામાણિકતા અને કર્તવ્યચ્યુતિના ગોળ ગોળ પર્યાય રૂપે જ હતી. કમનસીબે, ન્હાનાભાઇનું કૃપાશંકર ભગવાનજી વૈદ્યનું લખેલું જીવનચરિત્ર ( જેમાં ઉપલી વિગતોના ઇસારા મળી આવે છે તે ) બહુ આછું અને ટુંકું છે, અને એ ખોટ હવે પચાસ–સાઠ વર્ષે પૂરાવી અશક્ય છે. ×

---

× એ જીવનચરિત્ર ધોલેરાના વેપારીઓ આદિ ઉજળી વસ્તીની

આ શેરસટ્ટો એક તોફાની વાયુ હતો, જે અમુક સમયે અમુક વિદેશી સંજોગમાં ઊઠયો, અને એ કારણ શાંત થતાં પાછો થોડા વખતમાં નરમ પડી ગયો.[૨૦] હવે ગુજરાતના કાયમી આર્થિક બનાવો જોઇયે. એ બનાવો બે વર્ગમાં પડે છે, જેમાંથી સરકારની પ્રેરણાથી થયેલા બનાવોનો વર્ગ પ્હેલો લઇયે. સરકારી પ્રેરણાથી જાહેર બાંધકામો થયાં છે, જેમાં આગગાડી, રસ્તા, પૂલો આદિ માલ અને માણસની આવજાની જોગવાઇઓ ( transport facilities ), અને શેહરોને પીવા માટે ચોકખા પાણીનાં તળાવો અને કુવા મુખ્ય છે. ગુજરાત કાઠિયાવાડના મિસ્ત્રી, કડિયા, સલાટ, ગુજ્જર, સુથાર આદિએ આ કામોમાં એકલા પોતાના પ્રાંતમાં નહીં પણ લગભગ આખા હિંદમાં અચ્છી કામગિરી બજાવી છે. પરંતુ એ સર્વ એમણે નોકર તરીકે કર્યું છે, મોટા શેઠ તરીકે કોઇને હજી સ્વતંત્રપણે પોતાની સર્ગશક્તિ ખીલવવાની તક મળેલી નથી. એટલે બ્રિટિશ અમલ મંડાયો ત્યારે જે કંઇ કારીગિરી અને કલાકૌશલ આપણી પ્રજામાં આ ધંધાઓને લગતાં હતાં, તેમાં જીવ જેવી વૃદ્ધિ થઇ નથી એટલું જ નહીં પણ ઘટ થઈ છે, એમ નોંધવું ઇતિહાસકને પ્રાપ્ત થાય છે. આપણા રાજાઓ અને ધનાઢયો પણ આ બાબતોમાં દેશી ઉંચા હુન્નર અને કલાઓને હીણાં, અને વિદેશી ઉતરતાં

મોટી જાહેર સભામાં તા. ૧૯ જુલાઈ ૧૮૭૫ ને રોજ કર્તાએ લગભગ આખું વાંચી સંભળાવ્યું હતું.



હુન્નર-કલાને પણ વખાણવા લાયક ગણતા થયા, તેથી શેહરોના મેહલો, મકાનો, મંદિરો,* વાડીઓ, બંગલા આદિમાં પણ સંગીન અને સુંદર અને સ્થાનિક આત્માની સ્વતંત્ર લીલામય જે કંઇ હતું, તે આપણે મોટે ભાગે ખોયું છે,+ અને તેને ઠેકાણે ન સુંદર, ન સંગીન, ન સ્વતંત્ર એવી માત્ર નકલિયા અને સસ્તી ટાપટીપ ઘુસી છે અને વધતી જાય છે. બાજઠ ગયા છે, બાંકડા થયા છે, ગાલીચા ગયા છે, ખુરશી ત્રિપાઇઓ થઇ છે. પાલખી અંબાડી ગયાં છે, પરાઇ મોટરો દોડાવિયે છિયે. ચારડ મેના માફા રથ ગયા છે, અને વિકટોરિયા શિગ્રામો અને ટાંગા માત્ર ખીલીઓ ઠોકી ઠોકીને ઊભાં કરિયે છિયે. પટારા અને મજૂસો ગઇ છે અને સેફો ( safe ) સાંધિએ છિયે. ઢોલિયા ગયા છે અને દરિયાપારથી આવતા પલંગો પર સુઇયે છિયે. પીતાંબર અને રેજા ગયા છે અને પાટલુનો બ્લાઉઝો વડે સાહેબમડમ બનવાના કોડ પૂરિયે છિયે. બંધુઓ, સ્વદેશી ધર્મની હદ કાપડ વણાટ અને રેંટિયા પૂરતી જ ગણો છો? પ્રતિજ્ઞા

* આમાં જૈન મંદિરો મોટે ભાગે અપવાદરૂપ ગણાશે-જુવો Fergusson ( and Burgess, 1910 ) II pp. 26–7.

+ કલકત્તામાં બંગાળી પ્રજાના ધનાઢય જમીનદારો બેરિસ્ટરો વગેરેએ સેંકડો હવેલીઓ બાંધી છે, તે સર્વને બાંધ્યાની સાલના અનુક્રમમાં ગોઠવતાં આ હકીકત સ્વદેશી કલાપ્રેમીના હૃદય ઉપર આબાદ છાપ પાડે છે.

લેવાથી અને હજારોની જાહેર સભાઓમાં ઠરાવો ઉપર સહી કરવાથી જ એ પળાશે એમ માનો છો ? એ પ્રતિજ્ઞાઓ અને ઠરાવો જ બતાવી આપે છે કે આપણા સ્ત્રીપુરુષોનાં મન હૃદય અને રસવૃત્તિ વટલ્યાં છે, દેશવિમુખ ટૂંક દૃષ્ટિના અને માત્ર તાત્કાલિક સ્વાર્થને વળગી પડનાર કૃપણ બન્યાં છે. વર્તમાન હિંદ તેમ વર્તમાન ગુજરાતનો આ એક મોટામાં મોટો બનાવ છે. હુન્નર કલાનો સંકોચ અને તેથી કરીને ખેતીની વધ, કસબી કામની માગનો સંકોચ અને તેથી કરીને કસબીઓને પણ પેટને મારે નરી મજૂરી કરવા પડતી ફરજ, દુકાળ વખતે ખોદકામ અને પત્થર ફોડવાના કામ શિવાય બીજું થોડું જ કામ કઢાડી શકાય છે એ સ્થિતિ–જેને મહાદેવ ગોવિંદ રાનડે progressive ruralisation and rustification* કહે છે,–તે આ બનાવનાં જ જુદાંજુદાં પાસાં છે. ગામડાના કસબો, ઝુંપડે ઝુંપડે ચાલુ કરવાની કારીગરીઓ માટે બહુ મથન કરિયે છિયે અને ફાવી નથી શકતા, એ હકીકત પણ આ બનાવનો જ એક દાખલો છે. આ માટે કોઈ સરકારને દોષ દે છે, કોઈ કેળવણીને અને કોઇ બંનેને. સૌથી વધારે ઉંડો દોષ આપણી પોતાની જડતાનો છે. આપણા શિક્ષિત વર્ગે દાયકાઓ

* જુદી જુદી કલાઓમાં કુશલ કારીગરોનું લાખોની–અને વધતી જતી–સંખ્યામાં કારીગર મટીને કણબી બની જવું, નિર્વાહ માટે ખેતીના ધંધામાં જઇને પડવું તે.



સુધી પાશ્ચાત્ય સંસ્કૃતિનાં બલ અને ખૂબીઓ જ ચકિત નયને શુદ્ધ ભક્તિભાવથી નિહાળ્યા કર્યો. આપણને પોતાને વારસામાં મળેલી સંસ્કૃતિમાં દ્રવ્યલાલસા અને ભૌતિક લાભનું પાસું ગૌણ એટલે ઇંગ્લિશ સંસ્કૃતિમાં એ પાસું કેટલું તો ઓતપ્રોત છે તે આપણને દેખાયું નહીં. ખરું જોતાં તો ન્હાના અમથા ટાપુની વસ્તીનો વધતો જતો ભાગ રોજની ખોરાકીપોષાકી માટે પણ બ્હારની દુનિયા ઉપર આધાર રાખે, તેની સંસ્કૃતિ જુદી જાતની સંભવે પણ શી રીતે ? વળી ખનિજ+ પદાર્થો અને તેમાંથી થતો માલ પરદેશીઓને આપતાં બદલામાં જે ખોરાકપોષાકની વસ્તુઓ મળે, તે પણ પૂરતી ન પડતાં બીજા ઉદ્યોગો એમને કરવા પડે, જે માટેનો કાચો માલ (raw material) પણ એમને બ્હારથી આણવો પડે, એ સ્થિતિથી એમની સંસ્કૃતિમાં ભૌતિક લાભ અને દ્રવ્યની લાલસા ઓર વધે એ કુદરતી જ છે.* પાસેના મુલકોમાં અસ્મિતા વધતાં તેમનાં બજારો (markets) અને ત્યાંના માલ મોંઘા પડે, તેમતેમ ઇંગ્લિશ

+ મુખ્યત્વે કોલસો; જુવો, ઉત– J. Ellis Barker: Economic Statesmanship (1920), પ્રકરણ ૧૮ મું

* ઇંગ્લાંડની આર્થિક ઘટના (economic organisation) નું ખરું તત્ત્વ આ છે, ફ્રીટ્રેડ (free trade) કિંવા (laissez faire) નથી. આ વિષયની કંઇક વિશેષ ચર્ચા માટે જુવો મ્હારું Indian Administration to Dawn pp. 294–6.

સંસ્કૃતિને પોતાની વધતી જતી ઓલાદનું પેટ ભરવા માટે આઘાઆઘા મુલકો શોધવા પડે, તેમાંથી જે અવ્યવસ્થિત હોય તેને પોતાના સામ્રાજ્યના વાવટા તળે લેવા પડે, અને ત્યાંની વસતીમાં અમુક વહીવટ, વ્યવસ્થા, જાનમાલની સલામતી, અને ન્યાયનાં ધોરણ રચવાં પડે; જેથી એ વસતી પરદેશી છતાં પોતાને વફાદાર અને વખાણનારી બને, અને ત્યાંનાં બજાર અને ત્યાંના માલદાર વર્ગો કશી રંજ કે દિક્કત વગર પોતાને લાંબા વખત સુધી સાનુકૂલ રહે;–એ સર્વ કૃતિપરંપરા કે નીતિતંત્ર પણ આર્થિક કાર્યકારણની આવી વ્યાપક દૃષ્ટિએ સહેતુક બને છે. શુદ્ધ ધર્મ પ્રવર્ત્તનની, જગત્કલ્યાણની, પરદુઃખભંજનની, અને પોતાના રાજસી સાત્ત્વિક પૌરુષના વિકાસની ભાવનાઓ[૨૧] આવી કૃતિપરંપરામાં–મદનવાસનામાં જેમ પ્રેમની ભાવના ભળી એકરસ થાય છે તે ન્યાયે–સહેલથી ભળે છે, અને પ્રજાના ઉચ્ચાશયી સંતાનોને તેમનાં કર્તવ્ય અદા કરવામાં સનાતન નીતિબલ પૂરે છે, એ પણ હું તો સ્વીકારું છું, અને જે કોઇ નથી સ્વીકારતા તે એટલું અશુદ્ધ દર્શન અને એટલો અન્યાય કરે છે, તથા જાણ્યેઅજાણ્યે દ્વેષ બુદ્ધિ પ્રવર્ત્તાવવાનું પાતક વત્તુઓછું વ્હોરે છે, એમ માનું છું...

પણ–પણ–આપણે એ દાયકાઓ સુધી ન જોયું, ન સમઝયા. દાયકાઓ સુધી આપણા ડાહ્યામાં ડાહ્યા પુરુષો પશ્ચિમની મોરલીએ નાચ્યા. પીયાનો, વાયોલિન, હાર્મોનિયમ



લીધાં, બીન સારંગી તાઉસને તરછોડયાં; સેન્ટો ઉડાવી, અત્તરગુલાબજળથી સૂગાયા. હું ધારું છું કે અઢારમા સૈકામાં આપણે ત્યાં ચાલી રહેલ મારકતલ, ન્હાસભાગ, અને અંધાધુંદીમાં આપણો આપણી સંસ્કૃતિમાતા ઉપરનો રાગ છેક તામસી થઇ ગયો હશે, નહીં તો આજે આપણે ઘરના ખુણાથી છેક **ગિરનાર શત્રુંજય** અને **આબુના** મંદિરના કળશ સુધી જે મહાભારત પરિવર્ત્ત જોઇયે છિયે–જે લગભગ આખા **હિંદ**માં વત્તોઓછો વ્યાપેલો છે–તે આટલા થોડા સમયમાં માત્ર આર્થિક બલોના ઘસારાથી થાય નહીં. ખરેખર સંસ્કૃતિસંપન્ન પ્રજા પણ જંગલી અસંસ્કૃત પ્રજાના જેટલી ઝડપથી પરાઇ સંસ્કૃતિ ઉપર મોહી પડે, તો પછી સંસ્કૃતિ અસંસ્કૃતિમાં ફેર શો? માટે જ લાગે છે કે આ આર્થિક બનાવ બની આવવામાં સૌથી વધારે ઉંડો દોષ આપણી પોતાની જડતાનો છે. અઢારમા સૈકાને અંતે આપણી બુદ્ધિશક્તિ, આપણી સંસ્કૃતિ ઉપર આપણી રતિ, નામની જ રહેલી, એ ઐતિહાસિક અનુમાન ગમે તેટલું કડવું લાગે તોપણ સત્ય તરીકે આપણને સ્વીકારવું પડશે.

હવે શું કરિયે, શું કરતા થઇયે તો ભાવિ સુધરતું આવે?–એ સવાલ રાજપુરુષો માટે છે. ઇતિહાસનું મનન–સંશોધન ક્ષેત્ર ભૂતકાલ જ છે. માટે હવે આપણે પ્રજાપ્રેરિત આર્થિક બનાવો ઉપર નજર નાખિયે. એ વર્ગમાં પણ મુખ્ય એ જણાય છે. પ્રથમ ગુજરાતકાઠિયાવાડના ક્ષેત્રફળમાંનો જ

બનાવ લઇયે. આપણા પ્રાન્તમાં મિલો અને છાપખાના જેવા યાન્ત્રિક ઉદ્યોગો સારી ઝડપથી ફેલાય છે એ વર્તમાન ગુજરાતનો એક મોટામાં મોટો બનાવ છે. કંઇને કંઈ સાહસ અને અક્કલ વગર આ બન્યું નથી એ સ્વીકારિયે. પરંતુ થયેલી પ્રગતિથી ન અંજાતાં, આમ આપણી પ્રગતિ આજ લગી અમુક ટુંકી હદ સુધીમાં જ થઈ છે, એ ગંભીર હકીકત આપણે ખાસ જોવાની અને વિચારવાની છે. આ પ્રદેશમાં હજી પણ આપણે નકલ કરતા નિશાળિયાને સ્થાને છિયે. પરોપજીવી અને પરાધીન છિયે. કોઈપણ જાતના બલોત્પાક ( motor )કે ગતિપ્રેરક ( engine )થી માંડીને માલ ઉપર છેવટ વપરાતા કોઇપણ જાતના સાંચા સુધીમાંનું કંઇ જ આપણે બનાવતા નથી, તો તેમાં ઘટતો ફેરફાર કરવાની કે નવા ઉત્પાદનક્રમ ( methods of production ) રચવાની તો વાત જ ક્યાં કરવી ! શીખેલું સમ્પૂર્ણ પોતાનું કરે અને તેમાં બુદ્ધિ સ્વતંત્ર લીલાથી રમવા માંડે, તેને જ નવું વધારે સારું કદાચ સુઝે; નવુંનવું વધારે સારું કૃતિમાં મુકી સિદ્ધ કરી આપે, તે જ વૈજ્ઞાનિક અને યાંત્રિક ઉદ્યોગોના દુનિયાના ઇતિહાસમાં સ્થાન પામે. હવે લોઢું, પત્થર, કોલસો, લક્કડ, વાંસ, કાન્ક્રીટ, જે માગો તે આ જ દેશમાં જોઈતા જથ્થામાં અને સસ્તું મળવાનો સમય આવી લાગ્યો છે. માટે યંત્રપંડિત, વિદ્યુતપંડિત, વરાળપંડિત, ગતિપંડિત, બલપંડિત, સાધનપંડિત, યોજનાપંડિત બનો અને



ઉપજાવો; ભાષા, ગણિત અને ફિલસુફીના જેવી એકાગ્રતા એ વિષયમાં સાધો. **પાયાથી મોભ સુધી આખું કારખાનું સ્વદેશી રચો, રાજનગર અને બંદરથી દેશના ઉંડા ખુણામાં આવેલાં ગામડાંઓ સુધીનું આખું આર્થિક તંત્ર** ( Economic life and activity, Economy ) **સ્વદેશી રચો,** અને આગળ વધો. નિશાળિયાવેડામાં બહુ વરસ ગાળ્યાં. ત્હમને પોતાને લાભ થયો છે, દેશને પણ કંઇક થયો છે. પરંતુ કારખાનાં આ જ મિસલે ચાલ્યા કરે ત્યાંસુધી, અર્થશાસ્ત્રની છેલ્લી ખતવણીમાં, સૌથી વધારે લાભ તો સાંચા સામગ્રી યંત્રજ્ઞો આદિ પૂરાં પાડનાર દેશોને જ થયા કરશે એ નિર્વિવાદ છે.

વારુ, આ યાંત્રિક કારખાંનાંને બીજી દૃષ્ટિથી એટલે ધંધા તરીકે તપાસિયે છિયે તો તેમાં પણ કચાશ જ જોવામાં આવે છે. એક વર્ગમાંના નિશાળિયા જેમ એક બીજાનું જોઇ લઇને એક બીજામાંથી ચોરી કરીને વર્ગમાં ઉપર ચ્હડવા મથે છે, તેમ આપણે ત્યાં એક યાંત્રિક ઉદ્યોગમાં પડેલા ધંધાભાઇઓ એક બીજાનાં ગળાં કાપવાની સ્પર્દ્ધામાં જ ( cut–throat competition ) પાવરધા છે. જે કાચો માલ, જે યંત્રો, જે સામગ્રીની દરેકને જરૂર છે, તથા જે પાકો માલ ( finished products ) દરેકને વેચવો છે તેમાં **સહકાર ( co–operation )ના તત્ત્વનો આશ્રય** લેતાં શીખી નહીં શકાય ત્યાં સુધી ધંધો સંગીન કે માતબર

કેવી રીતે બનશે ? દુનિયાની હરીફાઇની સામે ધંધા ખેડવા છે અને ખીલવવા છે; **તાત્કાલિક લાભની એકલપેટી કૃપણતા** ક્યાંસુધી નભશે ?

અને છેવટ, એ જ કારખાનાઓમાં શેઠ વર્ગ અને કામગાર વર્ગ વચ્ચેનો સંબંધ નિહાળિયે છિયે તો તેમાં યે સંતોષ વળે. એવું જોવામાં આવતું નથી. એ કામગાર સ્ત્રી-પુરુષો અને બાલકો પોતપોતાના ગામડામાં શારીરિક માનસિક નૈતિક કૌટુમ્બિક સાંસારિક અને ધાર્મિક અમુક પ્રકારનું જીવન ગાળે છે અને ઉછરે છે. એ જીવન જ એમની સંસ્કૃતિ છે. એ જીવન જ એમની માનવ-તા છે. એ ગામડાંની પ્રજા શેહરોમાં આવી કારખાનાના કામગાર બને છે તેથી એમની સંસ્કૃતિ અને માનવતા વધે છે કે ઘટે છે ?–રહે છે કે જાય છે ? જંગલી દેશોના કેદખાનામાં પડતો નવો કેદી થોડા વખતમાં જ માણસ મટી પશુ અને પશુ પણ મટી પિશાચ બની જાય છે, એ જાણીતું છે. આપણા શેહરી કારખાનાંમાં આવતા ગામડિયાઓનું એ પ્રમાણે ન બને તેને માટે શી સાવચેતી રાખવામાં આવે છે ? આ બાબતમાં જૂના કામગારો પોતાના નવા આવતા બંધુઓને માટે અથવા નવા આવતાં કામગાર-ઝુંડો પોતાને જ માટે કંઇ કરે છે કે નહીં ? શેઠો કંઈ કરે છે કે નહીં ? બ્હારનો સમાજ કંઇ કરે છે કે નહીં ? અને છેવટ રાજ્યસત્તા કંઇ કરે છે કે નહીં ? બંધુઓ, ગુજરાતનું આ પાટનગર તેના યાંત્રિક ઉદ્યોગો માટે જાણીતું



છે. અહીં હું એ સવાલ પૂછવા રજા લઉં છું કે આ પ્રમાણે આવી ગંભીર બાબતમાં આંખમીંચામણ કર્યાં જઇયે છિયે તે ક્યાં સુધી નભશે ? આપણી મિલોની થાપણ કરોડોની અંકાય છે, હર સાલ લાખોનાં વ્યા જ છપાય છે. આજ જે કુંડીબંધ મિલો છે તે કાલે સ્હવારે સેંકડો થશે; આજ જે હજારો કામગારો છે તે જોતજોતામાં લાખો[૨૨] થશે; એમની સંસ્કૃતિ, એમની માનવતા કામગાર થતાં વધે છે કે ઘટે છે ? **કાંટાના એક તરફના પલ્લામાં કરોડોની પુંજી અને લાખોની નરી આવક ( net profit ) મુકિયે, બીજા પલ્લામાં દેશના લાખો સંતાનોની અવનતિ, અવગતિ; વિકૃતિ મુકિયે, તો એમાંથી કયું પલ્લું વધારે ધ્યાન આપવા યોગ્ય છે એ વિશે બે મત સંભવતા જ નથી.** શેઠ વર્ગ કહેશે, શું આ બધો જ ભાર અમારે માથે ? હું નથી કહેતો, અર્થશાસ્ત્ર કે ધર્મશાસ્ત્ર કદાપિ નહીં કહે કે બધો જ ભાર શેઠ વર્ગને માથે. કર્મો અને તેનાં ફલો વચ્ચે સંગીન સાંકળવાળા આ સંસારમાં સૌએ પોતાનો ભાર મોટે ભાગે પોતે જ વ્હેવાનો છે, શું કામગારે, શું શેઠે. અને તોપણ જે વધુ સમઝુ, જે શક્તિસાધનમાં ચ્હડે, જે વત્તા જોખમમાં બેઠો હોય, જેનો શાખસકકો લોકમાં અને રાજદરબારે વધારે, તેને માથે તેટલો વધારે ધર્મ. શેઠ વર્ગ શુદ્ધ બંધુભાવથી પ્રેરાઇ હાથે અને હેતે કામગાર વર્ગનો કંઇ યે ભાર પોતાને ખભે અને

પોતાની પીઠપર લેશે કે નહીં ? આને શુદ્ધ પરાર્થ (altruism) કહો કે દૂરઅંદેશ સ્વાર્થ ( enlightened egoism ) કહો, બંનેની સરવાળે એકતા છે. અંબાલાલભાઇ જેવા અમદાવાદના માનીતા લોકનાયક આ જ નગરીમાં અનેકાનેક ભાષણોમાં અજ્ઞાન, ગંદકી, દારૂ, નુકસાનકારક મોજશોખ અને તેમાંથી થતા ચેપી રોગો ઉપદ્રવો આદિના દાખલા ઉપર દાખલા આપીને શેઠ અને કામગાર, તવંગર અને ગરીબ, અધિકારી અને ગુલામ, ભણેલા અને અભણ, વ્યાપાર અને ખેતી, શેહર અને ગામડાં, બંનેના અન્યોન્યાશ્રયનો અને તેમના વચ્ચે નિરંતર બંધુભાવની આવશ્યક્તાનો અસરકારક બોધ કર્યા જ કરતા હતા, તે અવિલંબે કૃતિમાં ઊગી નીકળશે, તો જ આ અત્યારે સમૃદ્ધિએ છલકાતી લાગતી નગરીની આબાદી અને ચ્હડતી કળા દૈવી વારાફેરાના મારને સહી શકી લાંબો વખત બની રહેશે.

આપણી પ્રજા ગુજરાત બ્હારના પ્રદેશમાં મોટી સંખ્યામાં પ્રસરી છે અને વધુ વધુ પ્રસરતી જાય છે એ પણ વર્તમાન ગુજરાતનો એક મોટો પ્રજાપ્રેરિત બનાવ છે. આપણે ગુજરાતીઓ ઘરકુકડી નથી; ફરતારામ છિયે. એ આપણી પ્રકૃતિને આપણા ઉપર ફરીફરી ગુજરેલા સિતમોનું એક શુભ પરિણામ ગણો, અથવા તો વિજેતા આર્યો, ગુપ્તો અને ગુર્જરોનું લોહી હજી આપણી નાડીઓમાં હશે તેનું પરિણામ કલ્પો; કારણ જે હો તે એક વા અનેક



હો,–પ્રજા તરીકેની આપણી પ્રકૃતિમાં આ એક સ્થાયી લક્ષણ છે એ સિદ્ધ છે, અને ઓગણીશમી સદીના જાન-માલની સલામતીના વાતાવરણમાં એ લક્ષણ ખીલી આવ્યું છે. ગુજરાત કાઠિયાવાડ કચ્છનું ક્ષેત્રફલ વિશાળ નથી. વળી આપણે આપણા દેશમાં કાચું સોનું પાકે છે એમ કહિયે છિયે, અને માનિયે છિયે; પણ એ માત્ર જન્મભુમિ ઉપરના આપણા કુદરતી હેતને લીધે આપણે ઓપ આપિયે છિયે. આપણા દેશનો ખરેખરો રસાળ ભાગ ઓછો છે એટલું જ નહીં પણ હિંદમાં એના કરતાં બહુ ચ્હડી જાય એવા પ્રદેશ સંખ્યાબંધ છે. વળી ઓછી જ વસ્તી નભી શકે એવો ભાગ પણ આપણા દેશમાં થોડો નથી. એટલે પેશાવરથી રામચંદ્રજીના સેતુબંધ સુધી અને દેવકીનંદનની દ્વારિકાથી પગોડામંડિત રંગૂન સુધીના બ્રિટિશ હિંદ અને દેશી રાજ્યોના વિસ્તારમાં કોઇક જ શેહર કે જિલ્લો એવો જોવામાં આવશે, જે ગુજરાતીઓ વિનાનો હોય. લીંબુનો રસ જેમ ખાનપાનની તમામ ચીજોમાં ભળે છે, મીઠી વિનયી બોલીનો માણસ જેમ ભાતભાતનાં ટોળામાં સમાય છે, તેમ આપણે ગુજરાતી લોક હિંદની તમામ જાતની પ્રજામાં હળીમળી જઇયે છિયે. આ ભરતખંડ પણ મુકીને જમીન રસ્તે સમરકંદ અને ઇસ્તમ્બૂલ અને નેપલ્સ અને પેરિસ સુધી; અને જળમાર્ગે અરબ્બી સમુદ્રના બેટો અને તેને પાર ઇરાન, એડન, પૂર્વ આફ્રિકા, ઝાંઝીબાર, દક્ષિણ

**આફ્રિકા**; અથવા **બંગાળી** ઉપસાગર મુકી ઈસ્ટ ઇન્ડીઝના ટાપુએ ટાપુએ, **સિયામ**, **ચીન**, **જાપાન**, તે ઠેઠ **આસ્ટ્રેલિયા** અને **અમેરિકા** સુધીઃ—જ્યાં જ્યાં નજર નાખશો ત્યાં ત્યાં ગુજરાતી હિંદુ મુસલમાન અને પારસીઓનાં ન્હાનાં મોટાં થાણાં માલુમ પડશે. **મનસુખે** પોતાનો બેતબાજી ઉપરનો કાબૂ **ચીન**ના કન્ટોન નગરમાં સિદ્ધ કર્યો હતો. **અરદેશર ખબરદાર મદ્રાસ**ના વતની થયા છે. આપણા એક ઉછરતા કવિ કલકત્તાવાસી થયા છે. **હરિલાલ હર્ષદરાય ધ્રુવે** એમની કવિતાઓમાંની ખાસ વ્યક્તિત્વવાળી કેટલીક **રાતા સમુદ્ર**થી **સ્વીડનનાર્વે** સુધીના પ્રવાસ દરમિયાન લખેલી છે. અથવા, કવિઓ જાણે જ્યાં હોય ત્યાં શેષશાયીના નાભિકમલ પર વિરાજતા **ચતુષ્કલાધર**ની આત્મજાના માનીતા ગણિયે, પણ આપણા વણકર અને રંગરેજ, આપણા મોચી મોદી અને સોની, નાગર, કાયસ્થ, ખેડાવાળ અને શ્રાવક, લુવાણા ભાટિયા અને કપોળ, વ્હોરા, મેમણ, ખોજા અને પારસી, પટેલ કણબી અને અનાવળા, અને આપણા ભીલ કોળી દુબળા અને ઢેડ.—**અટલાન્ટિક**, **પસિફિક** અને **હિંદી મહાસાગરો**ની વચમાં ક્યાં ક્યાં અત્યારે નહીં હોય એ જ કહેવું મુશ્કેલ છે! અને આ પ્રમાણે ચોતર્ફ પથરાયલાં આપણાં આ સર્વ ગુજરાતી થાણાઓને એક જથ્થો ગણીને તેને આપણે **બૃહદ્ ગુજરાત** કહી શકિયે. પરંતુ એ મ્હારું જ પાડેલું નામ ફેલાયું છે તે કરતાં વધારે ફેલાય અને આપણા



અને બીજા લોકોની સામાન્ય બોલીનો પરિચિત શબ્દ બને, તે પ્હેલાં એ નામ પાછળની ભાવના વિશે વધારે વિચાર કરવાની ફરજ પ્રાપ્ત થાય છે. પ્રાચીન કાલનો **બૃહદ્ ગ્રીસ** ( Magna Grecia ) એક લોહી એક ભાષા અને એક સંસ્કૃતિવાળી પ્રજાનો પથરાટ માત્ર ન હતો. ગ્રીક લોકોનું પ્રજા—વ્યક્તિત્વ સ્પષ્ટ હતું, એમની પ્રજાકીય અસ્મિતા ઉજ્જવલ અને આવેશમય હતી, અને આ અસ્મિતાનો રસસંચાર મૂલ વતન અને સંસ્થાનો વચ્ચે અનેક વહનો અને પ્રણાલિકા વાટે નિરંતર થયા કરતો. રાજકીય બંધારણમાં ગ્રીક પ્રજા અનેક ન્હાનાં રાજ્યોમાં ત્રુટેલી વ્હેંચાયલી રહી, એ સર્વનું એક સામ્રાજ્ય કદાપિ ન થયું, એ ઉપરથી કહેવાય છે કે ગ્રીકોની પ્રજાકીય અસ્મિતામાં રાજકીય બંધારણ ઉપજાવનાર તત્ત્વ નબળું હતું. પરંતુ બીજા દષ્ટિકોણથી જોઇયે છિયે તો ગ્રીક ઇતિહાસના તમામ મોટા બનાવ સંસ્થાનોની પ્રજાનાં ગ્રીકત્વની રક્ષા માટેના સીધા કે આડકતરા પ્રયાસ હતા. ત્યારે **બૃહદ્ ગ્રીસ** એ નામ પાછળની ભાવના રાષ્ટ્રિય ચેતનવાળી પ્રજાકીય અસ્મિતાની ભાવના છે. અને વળી વર્તમાન કાળના **બૃહદ્** બ્રિટન ( Greater Britain )નો દાખલો આ સત્યનું ખુલ્લેખુલ્લું નિદર્શન છે. **બૃહદ્** ગુજરાત શબ્દનું અર્થગૌરવ આ માપનું છે, તો એથી ઉલટું આપણે ગુજરાતી પ્રજા શું આપણા મૂલવતનમાં કે શું સંસ્થાનોમાં પ્રજા (nation)

બોલને ઘટે એવા ચેતનવાળા નથી, માત્ર એક લોકસમુદાય ( tribe ) જેવા છિયે. આપણામાં પ્રજાકીય અસ્મિતા હજી જાગી નથી, અથવા તો છેક મંદ છે. એ જાગે, એ પોષાય, અને એના રસવિનિમય મૂલ વતન અને સંસ્થાનો વચ્ચે એક દેહમાંના લોહી, ઊર્મિ, ભાવ, કલ્પના, વિચાર, નિશ્ચય, ક્રિયા અને પ્રાણના સંચાર પેઠે પ્રવર્તી રહે, ત્યારે આ આપણા પથરાટને બૃહદ્ ગુજરાતનું નામ આપિયે તો તે છાજે પણ ખરું. હાલ તો આપણો પથરાટ એક લોકસમુદાયના આર્થિક પથરાટ જેવો જણાય છે.

વારુ, બીજાઓના આલિશાન મહેલ હોય તેથી આપણું જે પિતૃવ્ય મકાન તે આપણે અવગણવાનું નથી. અને એ આર્થિક પથરાટ પણ ઘણો મૂલ્યવાન છે. આપણી જે વસતી વતનમાંથી બ્હાર જઇ કાયમ બ્હાર વસે છે, તે વતનમાં જ સમાય એમ નથી, એઓ વતનને સીધી કે આડકતરી રીતે જેજે લાભ આપ્યા કરે છે તે મળતા બંધ થાય, તો વતનમાં રહેનાર આપણને મોટી ખોટ પડે એમાં પણ સંદેહ નથી. અને પ્રજાકીય અસ્મિતા ભલે હજી ઉદય પામી ન હોય, તથાપિ એ સર્વ પરદેશને દેશ માની ત્યાં વસેલા આપણા બંધુઓની મીઠી નજર આ ગુજરાત કાઠિયાવાડ તર્ફ સદા તણાયલી રહે છે એ પણ નક્કી. **જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી** એ ભાવ આપણા એ બંધુઓની ગુજરાત તર્ફ કાયમની ઊર્મિ છે. સ્વર્ગથી સૌ કોઇ જાણ્યે-



અજાણ્યે અમૃતની આશા રાખે છે. જનેતાથી સૌ જાણ્યે-અજાણ્યે સંસ્કૃતિ-પયની આશા રાખે છે. **જનેતાનું જનેતાપણું સંસ્કૃતિ-પયના ભાવઘેલા વિતરણે જ સાર્થક છે. તો ગુજરાતે પોતાનું જનેતાપણું આ પોતાનાં દૂર વસતાં સંતાનો તર્ફ કૃતિમાં મુકવું પ્રાપ્ત થાય છે; પોતાનું સંસ્કૃતિ-પય એ સંસ્થાનો તર્ફ સદૈવ વહ્યા કરે એવાં વહનો અને વિધાનોની પાકી વ્યવહારુ યોજનાઓ અમલમાં મુકવાનું પ્રાપ્ત થાય છે.** સંસ્કૃતિપયના વિતરણનું મુખ્ય સ્થૂલ સાધન કેળવણી છે. એ ગુજરાતની બ્હારના ગુજરાતી સંસ્થાનોમાંના માતા-પિતાને પોતાના બાલકોને ગુજરાતી કેળવણી આપવામાં ઘણીઘણી મુશીબતો પડે પણ છે. તેઓ ગુજરાતી શાળાઓ કહાડે છે, એ પાછળ પુષ્કળ ખર્ચ પણ કરે છે, વળી કેટલાક તો પોતાનો વખત કહાડીને તેમાં જાતે કંઇક શીખવવા પણ મથે છે. પણ આવી શાળાઓ કોઇ ઠેકાણે બરાબર જામતી નથી. કેટલાંક માબાપ પોતાનાં છોકરાંને કુમળી વયમાં જ સ્નિગ્ધ કે દૂરના સગાંને ત્યાં મોકલે છે, કેટલાંક છાત્રાલયો (boarding) વાળી શાળાઓમાં મોકલે છે, પણ આમાં યે શુક્રવાર વળતો નથી. ઘણાંખરાં માબાપો હારીને આખરે પોતાના સ્થલમાં જે ભાષામાં નિશાળો હોય છે, તેમાં છોકરાંને મુકે છે, પણ તે હારીને, આખરે, અને છોકરાંનું ભાવિહિત છેક ન કથળે તે માટે જ. શાળાના

દરેક વર્ગમાં પૂરતી સંખ્યાની આવક થયા કરે એટલી ગુજરાતી વસતીવાળાં સ્થળોમાં પણ આ પ્રમાણે બન્યા કરે છે, અને ઉત્સાહ તથા જોઇતો ખર્ચ ઉપાડવાની પૂરેપૂરી તૈયારી છતાં, એનું મુખ્ય કારણ લાયક શિક્ષકો અને શિક્ષિકાઓ ગુજરાત છોડી એટલે આઘે સ્થાયી રહે એવાં એમને મળી આવતાં નથી, એ છે. હવે આ નિદાન જો ખરું હોય તો આનો ઉપાય એક જ છે, **બજારૂ ક્રય-વિક્રયના વ્યવહારતંત્રથી જે પ્રાપ્ય નથી, તે અમૂલ્ય વસ્તુઓ મેળવી આપવા માટે જ બંધુપ્રીત્યર્થ આત્મ સમર્પણનું ધર્મતંત્ર સનાતન પ્રવર્તે છે.** કેળવણીના સર્વફલદાયી કાર્યને માટે સુશિક્ષિત અને ચારિત્ર્યવાન ગુરુઓ આ પ્રમાણે મેળવવાનો રસ્તો વર્તમાન ગુજરાતને છેક અજાણ્યો છે એમ પણ નથી. ગુજરાતમાં યે **ચરોતર એજ્યુકેશન સોસાયટી** જેવી સંસ્થાઓ સ્વયંસેવકોના સમર્પણ ઉપર જ રચાતી આવે છે. એમણે પોતા માટે આંકેલી ક્ષેત્રમર્યાદા ટૂંકી હશે, ગુજરાતની સીમા અંદર જ દોરેલી હશે, તો તે વિસ્તારો, **જ્યાં જ્યાં ગુજરાતી બંધુઓ વસી રહ્યા છે, ત્યાં ત્યાં લીલીછમ ગુજરાત જ છે, પછી છોટી કે મોટી,** એ વિશાળ દર્શન આવા સ્વાર્થત્યાગી સ્વયંસેવકોને તો સહજ છે. માટે આવી સંસ્થા-ઓના કાર્યધુરંધરોએ મૂલ ગરવી ગુજરાતમાંથી બહાર નીકળી આ બૃહદ્ ગુજરાતની છોટી છોટી ગુજરાતોની



26799

કેળવણીની જરૂરિયાતો પણ જોવી જોઇએ. સૌથી વધારે જરૂર ગુજરાતી નિશાળોની છે. પણ કેટલેક ઠેકાણે કન્યાશાળાઓ અને ઍંગ્લો–ગુજરાતી નિશાળો પણ સ્થાપી શકાય એમ છે, તો કાશી, કલકત્તા, દિલ્હી જેવે સ્થળે કોલેજોમાં ભણતા ગુજરાતી વિદ્યાર્થીઓનું છાત્રાલય થઇ શકે એમ છે. ઉછીના પુસ્તકાલયોની માગ પણ મોટી જણાશે એમ હું ધારું છું. આવા સ્થૂલ સાદા કેળવણી બંધારણથી આરંભ કરીશું તો થોડા જ સમયમાં તેને આધારે સંસ્કૃતિવિનિમયના સૂક્ષ્મ પ્રવાહો પણ વ્હેતા થશે. ચરોતર **એજ્યુકેશન સોસાયટી** જેવી સંસ્થાઓના વડાઓએ આ સર્વ જાતે જોવું જોઇએ, અને તેમાંથી તે, ફાવે તેટલાં સ્થલોમાં પૂરાં પાડવાનું નવું કર્તવ્ય પોતાને માથે ઉપાડવું જોઇએ. એઓ ગુજરાત પાસે લાયક સ્વયંસેવકોની વધતી જતી સંખ્યા માગતા જશે તેમ તેમ ગુજરાત તે આપશે. મહત્કાર્ય માથે લેનારે અશ્રદ્ધાની હૈયાદુબળાઇને પ્રથમથી જ નવ ગજના નમસ્કાર કરવા ઘટે. આજે એક બીજ વાવો, એક દાયકામાં તે ઊગી આવી વૃક્ષ થશે, અને બીજો દાયકો ઊતરતાં તો સંભવિત છે કે એની છાયા અને એનાં ફલફુલ એવાં તો પ્રિય થઇ પડશે કે એક વૃક્ષની અનેકાનેક કલમો થશે અને દરિયાપારની ગુજરાતોમાં પણ જશે.

### § ૪ સંસ્કૃતિના સંક્રાન્તિકાલનો ઇતિહાસ.

આર્થિક ઇતિહાસ રાજકીય ઇતિહાસનું એક આવશ્યક

અંગ છે, તેમ તે સંસ્કૃતિના ઇતિહાસનું સ્થૂલ પ્રત્યક્ષ કલેવર પણ છે. વર્તમાન ગુજરાતની સંસ્કૃતિનો ઇતિહાસ પણ હિંદના ઇતિહાસથી છેક અલગ પડાય એમ નથી. અને તોપણ આર્થિક ઇતિહાસમાં વર્તમાન ગુજરાતે જેમ વિશેષતા કરી બતાવી છે, તેમ સંસ્કૃતિના ઇતિહાસમાં યે વર્તમાન ગુજરાતનો પિંડ ન્યારો તો છે જ. દયાનંદ સરસ્વતીનો ચાતુર્વર્ણ્ય સુધારાનો આદેશ મુખ્યત્વે પંજાબમાં જ ઝીલાયો છે. રામમોહન રાય અને દેવેન્દ્રનાથ ઠાકુરનો બ્રાહ્મસમાજ બંગાળામાં જ જન્મ્યો અને જીવંત છે. થિયોસોફીનું મુખ્ય થાણું મદ્રાસ પ્રાંત જ છે. ખ્રિસ્તી પંથોના પાદરીઓએ હિંદને ખ્રિસ્તી બનાવવાની અને પાશ્ચાત્ય કેળવણી આપવાની કોશીશો પ્રાંતે પ્રાંતે કરી છે, તે પણ બધે એક સરખી વિજયી નીવડી નથી. એમ પાશ્ચાત્ય સંસ્કૃતિ અને કેળવણીનાં બલ પ્રાંતે પ્રાંતે પ્રસર્યાં છે, પરંતુ તેમાંથી પાકતાં ફલ પ્રાંતે પ્રાંતે દરેકની વિશેષતાએ કરીને ભિન્ન જોવામાં આવે છે. પ્રાંતોમાં પણ જુદાજુદા વિભાગોમાં સંસ્કૃતિફેર જોવામાં આવે છે.[૨૭] સંસ્કૃતિચંદ્રિકાની એકસરખી આભા બંગાળામાં યે નથી, દક્ષિણમાં યે નથી, તો બીજા પ્રાંતોની વાત જ શી ! વર્તમાન યુગનો સંક્રાન્તિ-ઇતિહાસ આરંભાયો તે વખતે દરેક મુખ્ય પ્રાંત અને પ્રાંતવિભાગની-પારિભાષિક શબ્દોમાં કહિયે તો દરેક મુખ્ય સંસ્કૃતિવર્તુલની-સ્થિતિ ખરેખરી શી હતી તેનું શાસ્ત્રીય ઐતિહાસિક ચિત્ર દોરિયે, અને પછી



એ દરેક વિભાગમાં થતા આવેલા ફેરફારોની ઇયત્તા અને ગુણદોષ કારણો સાથે તપાસિયે, ત્યારે જ આ આખો ઇતિહાસ બરાબર સમઝાય. આવો ભગીરથ પ્રયત્ન કોઇપણ પ્રાંતને માટે થયેલો હજી જાણવામાં નથી, અને તે માટેના સાધનોનો પણ ઝડપથી લય થતો ચાલ્યો છે. સંસ્કૃતિના સંક્રાન્તિકાળમાં મોટા અને વ્યાપક ફેરફારો જ્યારે ડગલેડગલે વિવર્ધિત વેગ (cumulative velocity) થી થતા આવે છે, ત્યારે તેનો ઇતિહાસ ઉકેલવા અને રચવામાં મુશ્કેલી પડે જ છે, એ જાણીતું છે. સાધનોની ઊનતાના કરતાં વધારે મોટી મુશ્કેલી જે સાધનો હોય છે તે દરેકને ઉકેલવામાં પડે છે. કોને કેટલું સાચું માનવું અને કેટલું વજન આપવું એ મુશ્કેલી ઇતિહાસના આ પ્રદેશમાં સૌથી વધારે નડે છે. જદુનાથ મહારાજ લાઇબલ કેસનો જ દાખલો જુવો. એમાં બે અંગ્રેજ-એટલે કે તદ્દન તટસ્થ-ન્યાયાધીશોએ પણ કેટલીક મહત્ત્વની બાબતો વિશે જુદાજુદા ચુકાદા આપ્યા હતા. બહેરામજી મલબારી જેવાના આશય અને કામગિરી વિશે 'એ પુતળું'[૨૮] હયાત હતું ત્યારે પણ બે અતિ ભિન્ન મત ચાલતા હતા, તેનો તોડ કે સમન્વય જેમ આપણે એ ઝમાનાથી આઘા જઇએ છિયે તેમ કરવા વધારે અશક્ત બનિયે છિયે. પુનર્લગ્ન કરાવવા નીકળે છે તેઓને એ સંબંધ લગ્ન તરીકે કેવો નીવડશે એ કશી ભાંજગડ જ હોતી નથી, તો પુનર્લગ્નના વિરોધીઓ એવાં

ખરેખર નમુનેદાર નીવડેલાં લગ્નોમાં પણ છિદ્રો જ જુવે છે. સંસારસુધારા પરિષદોમાંના ઘણા પ્રમુખો વ્યક્તિસ્વાતંત્ર્યમાં જ જીવનસર્વસ્વ ગણે છે, તો **ગોવર્દ્ધનરામ** જેવા **न स्त्री स्वातंत्र्यमर्हति**+ની સમાજનીતિને લોકોપકારક, સુનીતિરક્ષક, અને સ્ત્રીના પોતાના ખરા હિત માટેની સિદ્ધ કરવા પ્રતિવાદ કરે છે. ટુંકામાં કહિયે તો સુધારાનું ડગલું ભરનાર મૂલ માણસ, તેનાં કૃત્યો અને આશયો વર્ણવનાર ઇતિહાસક, અને તે વાંચનાર, એ ત્રણેને નિખાલસ, સત્યવાદી અને સત્યપ્રેમી માનિયે, તો પણ એ ત્રણે અજાણ્યે પક્ષપાતી હોય છે, એ ઇતિહાસના આ રૂપની ત્રેવડી વિષમતા છે. યુરોપના રેફ્રેમેશન (Reformation)નો ઇતિહાસ, અત્યારે કોઇપણ પંથના નહીં અનુયાયી કે નહીં દ્વેષી એવા તટસ્થ ઇતિહાસકો સંખ્યાબંધ થયા છે, તથાપિ હજી સર્વમાન્ય શાસ્ત્રીય ઇતિહાસની કોટિમાં આવ્યો નથી. અમુક પક્ષનો મોટો ભાગ એ ઇતિહાસના એક વાદને શાસ્ત્રીય માને છે, વિરુદ્ધ પક્ષ તેથી ઉલટા વાદને શાસ્ત્રીય માને છે. મતલબ કે એ વિષયના બે કે વધારે ઇતિહાસો હજી પ્રવર્તે છે, તેમાંથી વાંચનાર એકને જ વળગે છે, અગર પોતાને ગમતી ફુલગુંથણી કરી લે છે. ભલે આપણા દેશમાં પણ એમ થાય, તથાપિ **ભો**ગીલાલ **પ્રા**ણવલ્લભદાસ, **દુર્ગા**રામ **મહે**તાજી, **કર**સનદાસ મૂળજી અને **ન**ર્મદથી માંડીને આપણા પ્રાન્તની સંસ્કૃતિનો ઇતિહાસ

+ मनु पृ. १४७-९; ९, २-३.



આપણે પણ લખવા માંડવો જોઇએ. જન્મચરિતો, વર્તમાનપત્રો, નિબંધો, વ્યાખ્યાનો, ચર્ચાઓ આદિ જેજે સાધનો છે તેનો યથામતિ ઉપયોગ કરીને એક લેખક એક ચિત્ર દોરશે, તો તેમાંના મત અને હકીકતમાંના કેટલાક ભાગનાં ખંડન વા સમર્થન બીજા લેખકો કરશે, અને એ પ્રમાણે વિષય છણાતો જશે અને અત્યારે ખાનગી સંગ્રહોમાં જ પડેલાં સાધનો પ્રકટ થતાં આવશે. **ન**વલરામ **લ**ક્ષ્મીરામ **પં**ડ્યા આવું કંઇક લખવાના હતા પણ ત્યાં તો એમનું શરીર લથડ્યું અને પંચત્વ પામ્યું. એમની સૂક્ષ્મ બુદ્ધિ અને રસવૃત્તિમાં એક મોટો ગુણ એ હતો કે જે પક્ષ પોતે ત્યજતા તેના ગુણ તેમ જે પક્ષ પોતે સ્વીકારતા તેના દોષ, એમના લક્ષમાંથી સરી પડતા ન હતા. અને એ ગુણદોષ બંનેનાં અવનવી રીતે નિરીક્ષણ અને તુલના કરવામાં એઓ રાચતા. શાસ્ત્રીય તટસ્થતા આવા વિષયોમાં લગભગ અપ્રાપ્ય છે, ત્યારે ગુણદોષ બંનેનું એકસરખું ધાણું પાડનારી અગર તો બંનેને એકસરખા અવગણનારી જડતા શાસ્ત્રીય તટસ્થતાની ખુરશીએ ચ્હડી બેસે છે, તેના કરતાં પક્ષકાર ભલે હોય તથાપિ આવી શક્તિ જેણે લાંબા પરિચયથી ખીલવી હોય એવાને હાથે જ આવું મહત્કાર્ય થવું ઇષ્ટ છે.

બંધુઓ, આપણો પ્રાંત **હિં**દના આગેવાન પ્રાંતોમાં ગણાતો નથી. આગેવાન ગણાવાની ખાતર મથવાનાં હુંપદ અને અદેખાઈ આપણામાં પ્રાંત તરીકે તેમ વ્યક્તિશઃ ઓછાં

હશે, તો તે દૂષણ પણ નથી. વર્તમાન **હિંદને** ઘડવામાં **ભગવાનલાલ ઈંદ્રજી**, **દાદાભાઇ નવરોજજી**, **દયાનંદ સરસ્વતી**, **નર્મદ**, **પ્રેમચંદ રાયચંદ**, **જમશેદજી ટાટા**, **રણછોડલાલ છોટાલાલ**, **હરિદાસ વિહારીદાસ**, **ત્રિભુવનદાસ ગજ્જર**, **ગોવર્દ્ધનરામ ત્રિપાઠી**, અને **મોહનદાસ ગાંધી**, જેવાં નરરત્નો ગુજરાત કાઠિયાવાડે આપ્યાં છે, તે કરતાં બીજી કઇ સેવા વધારે મહત્ત્વની ગણાય, એ સવાલ ઇતિહાસકની ઉંડામાં ઉંડી ફિલસૂફીને પણ હંફાવે એમાં શક નથી. ઈશ્વર આપણા પ્રાંત ઉપર એવી ને એવી મીઠી નજર રાખો, અને પ્રતિભા અને ચારિત્ર્ય અને નિર્મલતાથી* વિભૂષિત મહાશયી સ્ત્રીઓ અને પુરુષો અહીં ઉપજાવ્યા કરો! એ પરમ કૃપાલુ પરમ હિતૈષી **વિધાયક** આપણી વ્હાલી જનેતાનું ત્રિગુણાત્મક સંસ્કૃતિ-પય તામસીમાંથી રાજસી અને રાજસીમાંથી સાત્ત્વિક બનાવો! આમીન!

---

* મૂલ નિર્મમતા લખ્યું હતું **પણ** 'છાપખાનાના ભૂત'ના અજ્ઞાને તે ઠેકાણે નિર્મલતા છાપ્યું તો હવે તે કાયમ રાખી **વાંચનારને** એટલી જ વિનંતિ કરીશ **કે નિર્મમતા** સુધી પ્હોંચે **નહીં** ત્યાં સુધી માણસમાં પૂરી અને અણિશુદ્ધ નિર્મલતા ન **હોય**, એ ધ્યાનમાં રાખે; ખરો નિર્મલ તે જ કે જે નિર્મમ.

# લાંબાં ટિપ્પણ

૧ ઉપલા વાક્યમાંનું આ છેલ્લું કથન વિદ્યાવિજ્ઞાનના એમના **સમાગમની મર્યાદામાં** જ ખરું છે. **પંડિતજીના** કાગળો વિગતવાર અને અતિ નિખાલસ છે, અને તે ઉપરથી જણાઇ આવે છે કે એમના સંબંધીઓને અને સામાન્ય પરિચયમાં આવનારાને એઓ કંઇક તીખા મિજાજના લાગતા.

કેટલાક કાગળોની નકલો પ્રો. **હરિલાલ માધવજી ભટ્ટ** પાસે છે. થોડા કાગળ પંડિતજીના એક સંબંધી અને શિષ્ય **ભટ્ટ ગિરજાશંકર સામળજીના** વંશજો પાસે છે. શેઠ કરસનદાસ **વલ્લભદાસ** ઉપરના એમના કાગળોનો જથ્થો અને એમને સોંપેલી નોંધો આદિની પેટીઓ અત્યારે ક્યાં હશે તે જાણવામાં નથી. એઓ **જુનાગઢ** રાજ્યના નોકર તરીકે કામ કરતા હતા તે દરમિયાન ટુંકા ત્રિમાસિક અહેવાલો લખી મોકલતા હતા, તેમાંના ત્રણેક જૂના **સૌરાષ્ટ્ર** દર્પણ નામના માસિકમાં પ્રકટ થયેલા છે. આ સર્વ અવશેષોનો સંગ્રહ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, કે ફાર્બસ સભાએ પ્રકટ કરી દેવો જોઇએ; નહીં તો અત્યારે જે મળી આવે છે

તે પણ થોડાં વર્ષમાં કાલાધીન થઇ જશે. આ કામ કરી આપવા માટે ઉત્તમ સંપાદક રા. રા. જયકૃષ્ણ ઇંદ્રજી છે, અને તેઓ પણ અત્યારે વૃદ્ધ થઇ ગયા છે. શેઠ કરસનદાસને સોંપેલી પેટીઓનો પત્તો પ્રથમ મેળવવો જોઇએ.

૨ પ્રાચીન ઇતિહાસની વિદ્યાઓ ઉપરાંત પંડિતજી આયુર્વેદ અને વનસ્પતિશાસ્ત્ર બહુ સારાં જાણતા અને જબરા મુસાફર એટલે વનસ્પતિશાસ્ત્રમાં સહ્યાદ્રિ, વિંધ્યાચલ, આબુ અને નેપાળમાંની હજારો વનસ્પતિઓ, જાતે શાસ્ત્રીય લક્ષણોનું બારીક નિરીક્ષણ કરીને સંસ્કૃત ગ્રંથોના વર્ણનો સાથે ઘટાવી લીધી હતી. આ વિજ્ઞાનમાં એમના મુખ્ય શિષ્ય રા. રા. જયકૃષ્ણ ઇંદ્રજી છે.

૩ ગુજરાતકાઠિયાવાડના મધ્યકાલીન અને મુસલમાની ઇતિહાસ વિશે–ફૉર્બ્સ કૃત **રાસમાળા** અને **વૉકર**, **જેકબ**, **બર્ડ** અને **બેલીના** રિપોર્ટો અને ગ્રંથો વિશે–ઉપર લખ્યું નથી, કેમકે એ વિષય ઘણુંખરું વિદેશી વિદ્વાનોએ જ ખેડયો છે. **રાસમાળાની** ૧ લી આવૃત્તિ ૧૮૫૬ માં પ્રકટ થઇ, અને કવિ દલપતરામ ડાહ્યાભાઇને ફૉર્બ્સે એ કામ માટે ઇ. સ. ૧૮૪૮ થી નોકર રાખેલાઃ પણ ફૉર્બ્સ પોતાની પ્રસ્તાવનામાં સાધનો મેળવી આપવા માટે મુખ્ય નોંધ એક બારોટની કરે છે. એ બારોટે પણ બન્યું એટલું સાહેબ આગળ રજુ કરેલું; પસંદગી અને સત્યાસત્યની પરખ બધી ફૉર્બ્સે કરેલી જણાય છે. દિ. બ. રણછોડભાઇ ઉદયરામના



તરજુમામાં કેટલીક વધુ વિગતો, દંતકથાઓ, વંશાવલિઓ, આદિ વિચારવા લાયક છે. **જુનાગઢના ભગવાનલાલ સંપત**રામે **સૌરાષ્ટ્ર** દેશનો ઇતિહાસ અને ગુજરાતનો ઇતિહાસ એ બે ચોપડીઓ પ્રકટ કરી છે, તે ૧૮૬૦–૭૦ ની ગુજરાતી ભાષાના અને તે ઝમાનાના વિચારોના નમૂના તરીકે નોંધાવા જેવી અને જાણીતી રાખવા જેવી છે; પરંતુ એ મુખ્યત્વે ઇંગ્રેજી ઉપરથી રચાયલી છે, જો કે છેક તરજુમિયા અથવા શાસ્ત્રીય તરજુમો એ બેમાંથી એકે વર્ગમાં પડે એવી નથી. **कहानड दे' प्रबंध**, **द्वयाश्रय**, **प्रबन्धचिन्तामणि** આદિ ઐતિહાસિક સાહિત્યના સંશોધન અને પ્રસિદ્ધિમાં આપણા વિદ્વાનોએ આપેલો ફાળો જાણીતો છે.

**તા. ક. ઇ. સ. ૧૯૨૮:—**

મુસ્લિમ સમય પ્હેલાંનો ગુજરાતનો ઇતિહાસ ઉકેલવા માટે એક જાણીતું સાધન **प्रबन्धचिन्तामणि** ગ્રંથ છે, જેનાં આજ લગીમાં પ્રકટ થયેલાં તરજુમા આવૃત્તિ આદિમાંથી એકે સંતોષકારક નહીં, તે ઉપરથી એ ગ્રંથની સંશોધિત આવૃત્તિ અને ઐતિહાસિક ટિપ્પણો સાથે એના અંગ્રેજી અને ગુજરાતી તરજુમા, એ એક મોટું કામ માથે લેવા મ્હને ઇચ્છા થઇ, તથા સ્વ. **સર લલ્લુભાઇ આશારામ શાહ**, પ્રમુખ ફૉર્બ્સ સભા, એઓના મીઠા આગ્રહથી આકર્ષાઇને એ વિશે **સભાને** મેં દરખાસ્ત કરી. પણ સભાઓની બેઠકોમાં આપણા ગુજરાતમાં કોઇ સાતે સિન્ધુનો

માલમી હોય, કોઇ સર્વભક્ષી હોય, કોઇ યેનકેનપ્રકારે પોતાનો કક્કો જ સ્થાપવા માગતો હોય, કોઇ દાવપેચ લડાવનાર હોય, કોઇ વાચાળ હોય, અને એક પછી એક બધાને હા યે હા ભણનારાની બેઠકમાં ખોટ હોય નહીં, એમ ઘણીવાર બને છે, તેમાં પ્રમુખ પણ કોઇવાર નાઇલાજ બની જાય છે. ફોર્બ્સસભાની કમિટિમાં આ કામ નીકળતાં તેને એવું રૂપ અપાઇ ગયું, કે એ માટે મ્હારે જરૂર હતી તેવો સહકાર સભા કનેથી મેળવવો હોય, તો એ સહકાર મેળવવાના કાર્યને લગભગ પ્રબન્ધ ચિંતામણિના કાર્ય જેટલું જ મહત્ત્વ આપવા અને તેની પાછળ સમય આદિ ગાળવા મ્હારે તૈયાર રહેવું જોઇએ, એમ મ્હને લાગ્યું. અને મેં ગાંઠ વાળી જે કોઇના કશા સહકાર માટે અસ્વતંત્ર જેવા થવું પડે એવી ઉપાધિવાળાં કામ ભલે ને બીજા કરતા, મ્હારે એવી ઉપાધિ ન જોઇએ. રોયલ સોસાઇટીની મુંબાઇ શાખામાંની પ્રત મેં લીધી હતી, ફાર્બ્સ સભા પાસેનાં કંઇક સાધન મળેલાં, એ સર્વ મેં પાછું સોંપી દીધું, અને એ કામ છોડી દીધું. આ બનાવ પછી એકબે વર્ષે સાંભળીને સંતોષ પણ થયો, કે એ જ પ્રબન્ધની સંશોધિત આવૃત્તિ ઐતિહાસિક ટિપ્પણો આદિ સાથે ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વમંદિર નિમિત્તે પ્રકટ કરવાનું, આવા કાર્યના એક કરતાં વધારે અંશો માટે મ્હારાથી વધારે લાયક મુનિ જિનવિજયે પોતાને માથે લીધું છે. અને આ સાલમાં જાણી વિશેષ આનંદ થયો



છે, કે મુનિજીને પ્રબન્ધચિંતામણિની જ પૂરવણી લેખે લખાયલા અને બીજા સંખ્યાબંધ પ્રબન્ધો મળી આવ્યા છે, જે સાધનો અસ્તિત્વમાં હશે એમ પણ આજ લગી કોઇ જાણતું ન્હોતું. અથચ મે મહિનામાં મુનિજી આ સર્વ સાથે લઇને યુરોપ સિધાવ્યા છે, એટલે એમ પણ માનું છું કે આ નવાંજૂનાં જૈન સાધનોની જૈનેતર સાધનો સાથે સરખામણી પણ પૂરેપૂરી ચોકસાઇથી થઇ જશે. અને ગુજરાતના એ સમયના ઇતિહાસનું આપણું જ્ઞાન નવો અવતાર પામશે.

૪ ‘તળપદા’ બ્રાહ્મણો:—અનાર્ય વસતી ધીરે ધીરે આર્યભાષા સંસ્કૃતિ અને ધર્મ અપનાવીને **जन्मना** એટલે લોહીએ શુદ્ધ આર્ય નહીં તથાપિ **संस्कारात्** શુદ્ધ આર્ય બલ્કે આર્યોથી પણ આર્યત્વ માટે ઉગ્રતર અસ્મિતા વાળી બનેલી, તેમાં બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ત્રણે વર્ણ બનેલા. બ્રાહ્મણો તો બધા અથવા મોટે ભાગે આર્યલોહીના છે, એ મત અનૈતિહાસિક છે.

દશદ્વતી–સરસ્વતીથી ગંગા લગીનો “મધ્યદેશ” આર્ય સંસ્કૃતિનું કેન્દ્રસ્થાન બન્યો અને રહ્યો ઈ. પૂ. આશરે ૧૨૦૦ થી ૬૦૦ લગી. આમાં પ્હેલી સંખ્યાને ઠેકાણે ૧૩૦૦ કે ૧૧૦૦ લઇયે, અને બીજીને ઠેકાણે ૭૦૦ લઇયે, તો ય વાંધો નથી. આવા અતિપ્રાચીન સમયને લગતી ગણનામાં સો વર્ષ આ પાર કે પેલે પારનો શો હિસાબ.

પછીના સમયમાં ‘મધ્યદેશી’ બ્રાહ્મણો હિન્દના બીજા

બ્રાહ્મણોને મુકાબલે 'સારસ્વત' કહેવાયા. સારસ્વત એટલે ઉત્તમોત્તમ બ્રાહ્મણ, આ અર્થમાં. પરંતુ સમય સમયનું કાર્ય કરતો વહ્યો, અને 'સારસ્વત' = 'મધ્યદેશી' એ અર્થમાં જ ભંગાણ પડ્યું. સારસ્વતો મધ્ય દેશમાંથી હિન્દમાં બીજે વસતા થયા, તેમાંથી કોઇ કોઇ પ્રાંતમાં (ઉ. ત. ઉત્તર ગુજરાતમાં) જે નદીની ખીણમાં એ એક બે સ્થળે વસ્યા, તે આખી નદીનું નામ, આ લોકના નામ ઉપરથી સરસ્વતી પડ્યું. અને સારસ્વતોનાં એ મૂળ થાણાં તો એક બે ભાગમાં જ થયાં, પણ આખી નદીજ સરસ્વતી કહેવાતાં, કાળે કરીને એ નદીના—એ ખીણના—બ્રાહ્મણ માત્ર કુદરતી રીતે સારસ્વત કહેવાતા થયા. વળી સારસ્વત એટલે ઉત્તમોત્તમ એ મૂળ અર્થ પોતાને પણ લાગુ પડે, 'અમે બધાય મધ્યદેશી લોહીના,' એમ દુનિયાને એ લોક તો મનાવવા મથે જ. અસલ વતન ઉપરથી વસતીનું નામ, એ વસતી નવા સ્થળમાં વસાહત કરે તેનું નામ વસતીએ આણેલા પોતાના નામ ઉપરથી, પછી એ પ્રદેશની બધી વસતીનું એ જ નામ, અને થોડો વધારે સમય વ્હેતાં, શુદ્ધ સારસ્વત અને વસાહતી સ્થળના સારસ્વત એ બે વચ્ચેના ભેદનો લોપ, જૂનાનવા સૌ મૂળ સ્થળને જ વળગી તે લોહી પોતાનું હોવાના દાવા કરે એમ કુદરતી રીતે જ હિન્દમાં વારંવાર બનેલું છે.

સારસ્વત કરતાં ગૌડ શબ્દ સૈકાઓ પછીનો—હજાર વર્ષ જેટલો કે વધારે ન્હાનો એટલે અર્વાચીન છે. નાતોનાં



નામોમાં એકવડાં નામો કરતાં બેવડાં અર્વાચીન, તેમ ત્રેવડાં ચોવડાં નામો બેવડાંથી અર્વાચીનઃ દાખલા જોઇયેઃ—

(૧) બ્રાહ્મણ.

(૨) સારસ્વત બ્રાહ્મણ, નાગર બ્રાહ્મણ, વગેરે.

આ બીજા દાખલામાં 'નાગર'=નગરીના. નગરી હાલ ચિતોડ છે તેની પાડોશમાં આવેલી, હિન્દની લોક કથામાં ત્રંબાવતીને નામે પ્રસિદ્ધ થઇ છે. સાકેત અને નગરી લગભગ એક સમયે, એકાદ દાયકાની અંદર જ, ભાંગ્યાંઃ યવન રાજાઓ અને સરદારોએ ધસાવેલાં યવન, પલ્લવ (પાર્થિયન), યુવેનચી, સિથિયન, શક, અને બીજી વિદેશી જાતોનાં અને સાથે હિન્દી સહાયકો અને હરામખોરોનાં બનેલાં અતિમિશ્ર ટોળાં-ઓએ ભાંગેલાંઃ પતંજલિના ઝમાનામાં આ નગરીના બ્રાહ્મણ, વણિક, આદી વતન ભાંગતાં ભાગીને રખડતા રઝળતા જ્યાં ઠરવા પામ્યા, ત્યાં તે "નાગર" બ્રાહ્મણ, "નાગર" વાણિયા, કહેવાયા.

નાતોમાં ત્રેવડાં નામ.

(૩) વડનગરા નાગર બ્રાહ્મણ, ગૌડ સારસ્વત બ્રાહ્મણ, અહિચ્છત્રા (પ્રશ્નોરા) નાગર બ્રાહ્મણ, વગેરે.

ચોવડાં નામ—

(૪) વડનગરા નાગર બ્રાહ્મણ ગૃહસ્થ, ગૌડ સારસ્વત બ્રાહ્મણ પુરોહિત, વગેરે.

(૫) આમાંથી પણ કેટલીક નાતોમાં વીશા, દશા, પાંચા, અઢિયા, ફુટકળ, વાયડ (વાયડા, વ્રાત્ય, બહિષ્કૃત, ખંડિત), એમ પેટાનાતો વગેરે, વગેરે.

નાતોમાં હાલ ચાલે છે તે નામોમાં ગોટો પણ પુષ્કળ છે. 'વાલ્મીક' કહેવાય છે તે બ્રાહ્મણો અને કાયસ્થોનું ખરું નામ વાલભી હોવા સંભવ છે. મ્હારી બ્રહ્મક્ષત્રિય નાત, વડનગરા **નાગરો**, અને બાપ્પા રાવળથી આરંભાતો મેવાડનો રાજવંશ એક લોહીના જ છે, એના પુરાવા માટે જુવો દેવદત્ત ભાણ્ડારકર કૃત Gujjars; વાણિયાઓ માટે જુવો **વિમળ પ્રબન્ધ**; ઇત્યાદિ.

**તા. ક. ૧૯૨૮.**

ઉપર વાલ્મીક બ્રાહ્મણ અને વાલ્મીક કાયસ્થ એ નામો મૂલ **વાલભી** બ્રાહ્મણ અને કાયસ્થ હોવાં જોઇએ એમ મેં લખેલું માત્ર અટકળ ઉપરથી. આ અટકળ મેં પ્રથમ પ્રકટ કરેલી આશરે ઇ. સ. ૧૯૧૦-૧૧ મા (જુવો એ સાલના બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિકના અંક); પરંતુ મ્હારા "વાલમ" (વાલ્મીક) મિત્રોને હું તે પ્હેલાંથી પણ વાતચિતમાં કહેતો, ત્હમે વાલ્મીક નહીં વાલભી (= વલભીપુરના, વલભીપુર પાટનગર હતું તે ત્યાંના, અને પછી આખા પ્રાન્તમાં ફેલાતાં એ નામે જાણીતા થયેલા) હશો.

આ અટકળ સાચી પડશે એમ લાગે છે. એમાંથી કાયસ્થો વિશે તો કાયસ્થ કવિ સોડ્ઢલ કૃત **ઉદયસુંદરી કથા**



નામે ચંપૂમાં ચોકખો પુરાવો છે. એ કવિ ગુજરાતના કાયસ્થોને વાલભી કાયસ્થો જ કહે છે, અને શિલાદિત્યના ભાઇ અને અમાત્ય કલાદિત્યને વાલભી કાયસ્થોનો આદિપુરુષ કહે છે: જુવો વડોદરા **ઓરીયેંટલ સીરીઝ**માં એ ગ્રંથ. વળી કાયસ્થો પણ બ્રહ્મક્ષત્રિયો, નાગરો, અને મેવાડી રજપુતોની માફક "ગુર્જર" લોહીના હતા એમ આ ચંપૂ ઉપરથી તો લાગે છે.

૫ મરાઠી શાહીના પૂજકો તેમ **ટીપૂ**ના નિન્દકો બંનેએ નીચેનો દાખલો મનનીય છેઃ-**ટીપૂ**ના સમયમાં મરાઠાઓએ પોતાની વાર્ષિક લૂટફાટોમાંની એકમાં શૃંગેરીના વિદ્યાશંકર મંદિરનો દાટ વાળ્યો તેની ફરિયાદ **ટીપૂ**ને પહોંચતાં એના તર્ફથી સંસ્કૃત ફરિયાદના સંસ્કૃત જવાબમાં લખ્યું છેઃ "ધીરજ રાખો, એમની પણ ખબર લઇશું. અથવા અમે લોકપાલક દુષ્ટોના શાસક પણ નિમિત્ત માત્ર છિયે, બ્રહ્માંડમાં ન્હાનામોટા દરેક જન્તુને પોતાનાં કર્મોનાં કર્મફલ ભોગવવાં જ પડશે, એ ત્હમે કયાં નથી જાણતા-

**हसद्भिः क्रियते कर्म रुदद्भिरनुभूयते.**"

(હસતાં તો કિધાં કર્મ, રોતાં ભોગવવાં પડે.)

-જુઓ Mysore Archaeological Report 1916

આ શ્લોકાર્ધ નવો રચીને મુકેલો નથી. જૂનાં સુભાષિતનો શ્લોકાર્ધ જ ટાંકેલો છે. સરખાવો—

**उप्पज्जइ परजण-पीड जेण तं कज्जु न किज्जइ वुहजणेण।**
**जं कंमु हसंतउ किर करेइ तं रोवंतु वि न नित्थरेइ ॥**

—**विलासवती कथा** ( કર્તા સાધારણાંક સિદ્ધસેન સૂરિ, વિ. સં. ૧૧૦૦-૧૨૦૦ )

૬ આ પ્રકારની એક ઘણી જુની માગણી કે આશા **બુદ્ધિવર્ધક ગ્રંથ**, પુસ્તક ૮ ( ઇ. સ. ૧૮૬૩ ) માં જોવામાં આવે છે, તે મ્હારી જાણ પ્રમાણે સૌથી પ્હેલી હોવાથી તેમાંથી એક વાક્ય અહી અસલ પ્રમાણે જ ઉતારું છું. “ હમને એવી પૂર્ણ ઉમેદ છે કે મુંબઇની ઉનીવરસીટીમાં પસાર થએલાઓ હીંદુસ્તાનની એક જુદી જ તવારીખ લખીને તે પર સારી શોધથી કરીને હિંદુસ્થાનની ખરેખરી હકીકત લખશે. ”

૭ **ગુજરાતના** ઇતિહાસમાં ભૂરચના અને આબોહવાના કુદરતી કારણની અસર ઘણી ઉંડી અને અત્યંત મહત્ત્વની જોવામાં આવે છે. આપણી નદીઓ–**તાપી**, **નર્મદા**, **મહી**, **સાભ્રમતી**, **સરસ્વતી**, અને **ભાદર**–દરેક વિશિષ્ટ વ્યક્તિત્વ વાળી છે. એ દરેક ખીણની જમીન જુદી, ખેતી જુદી, લોક અને ઉદ્યમધંધા પણ અનેક રીતે જુદાજુદા. આ છમાં નળકાંઠાની **નાળ**, **લૂણી** નદી, અને કરાંચીની પશ્ચિમથી આરંભી **થાણા** સુધીનો દરિયાકાંઠો ઉમેરો. કચ્છની ઉત્તરે પૂર્વે આવેલાં રણને પણ એ દરિયાકાંઠામાં જ ગણવાનાં છે. એ નવથી આપણી **નવરત્ના** વસુંધરા નિર્માઇ



છે, આપણો નવ-રંગ પ્રજાપટ વણાયો છે. એ નવ મહા-પ્રબલ બીજકોએ આપણો ઇતિહાસ ભૂતકાલમાં રચાયો છે, વર્તમાનમાં રચાય છે, ભવિષ્યમાં રચાશે. આ નવમાંથી લૂણી, નળકાંઠો, અને રણ સમેત દરિયાકાંઠો એ ત્રણે મહા પરિવર્ત્ત વેઠયા છે, અને ગુજરાતના ઇતિહાસમાં સૌથી મોટા પરિવર્ત્તો પણ એ જ છે; જે ગુજરાતી પ્રજાનું વિજ્ઞાનનેત્ર ઊઘડશે ત્યારે જ પૂરાઅધૂરા ઊકેલી શકાશે.

૮ **અજમેર**થી **સોજત**, ત્યાંથી **શિરોહી**, અને ત્યાંથી **પટ્ટણ**નો માર્ગ. **અકબર** ઇ. સ. ૧૫૭૩ માં **ઑગસ્ટ**ની ૨૩ મી તારીખે ફતેહપુર **સિકરી**થી નીકળી તા. ૨ જી સપ્ટેંબરે, રોજ પચાશથી વધારે માઇલની કુચ કરીને, લગભગ છડી સવારીએ **અમદાવાદ** આવી પ્હોંચ્યો આ રસ્તે. **આગ્રા** **દેહ્લી**, અને **અજમેર**ની દક્ષિણ સરહદ ઉપર જયપુર અને **બુંદી**નાં રજપુત રાજ્યને મોટાં અને બળવાન **અકબરે** જ બનાવ્યાં એમ કહેવાંમાં લેશ પણ અતિશયોક્તિ નથી; જુવો બુંદી સાથેનો એનો તહ–ઈ. સ. ૧૫૬૯ : Smith, Akbar the Great Mogul, pp. 98-99 Tod, Annals of Haravati, ch. 3; અને સરકારી ટ્રિગનોમેટ્રિકલ સર્વેના નકશાના રજપુતાનાનાં Sheets.

૯ એક છેક ન્હાનો દાખલો વિચારો; કાશીખાન **શિવા**-જીના મોતની સાલ ‘ કાફર બ જહન્નમ રફત ’ એ વાક્ય વડે નોંધે છે. જે વાચક વર્ગના રંજન માટે લેખકો આ

પ્રકારના સાલશ્લેષો જોડવામાં ભાષા ઉપરના પોતાના કાબૂની સફલતા માને, તે લેખકો યા વાચકો પાસેથી હિંદુઓના અગ્રણીઓ તર્ફ માનવૃત્તિ કે ન્યાયબુદ્ધિની શી આશા!

૧૦ આનો એક અચ્છો ટુંકો દાખલો નોંધું. અલ્લાઉદ્દીન એક વખત દરબાર ભરીને બેઠો હતો ત્યાં એક દરબારીએ એની ખુશામદ કરી–"પાદશાહ સલામત, આપ કેટલા સુખી! પરવરદેગારની આપના ઉપર કેટલી મીઠી નજર! બહાર નીકળો છો ત્યારે માઇલો સુધી સોના રૂપાના મુહેમુદ્દા ઉડાવો છો ને લુંટાવો છો. ઉત્તમ ખાણુંપીણું રોજ ભાઇબંધદોસ્તો સાથે ઉડાવો છો તેની વિવિધતાઓનો શુમાર જ નહીં. વળી આજે આશરે એક વર્ષથી હું જોતો આવું છું, કોઇક જ દિવસ ખાલી જાય છે; લગભગ રોજ ને રોજ કાં તો આપના કોઈ લશ્કરની મોટી ફત્તેહના ખુશ ખબર આવે છે, અગર આપના જનાનામાંની આપની કોઇને કોઇ બેગમને બેટો જન્મ્યાની વધાઇ આવે છે. અને હજી તો આપનો સિતારો ચ્હડતીનો જણાય છે. ખુદા આપને સલામત રાખો!"

૧૧. આનો એક સુંદર દાખલો સાંભરી આવે છે. સુરતના મિ. અબ્દુલ્લાભાઈ યૂસફઅલિ સિવિલિયન થયા પછી થોડા જ વર્ષમાં ( ઘણું કરીને ઇ. સ. ૧૯૦૦ પહેલાં ) અલિગઢ કોલેજની મુલાકાતે ગયા હતા, ત્યાં પ્રિન્સીપાલે એમને વિદ્યાર્થીઓને કંઇક ભાષણરૂપ બોધ દેવાની વિનંતિ



કરતાં, એઓએ ત્યાંના વિદ્યાર્થીઓને કહ્યું હતું—"ત્હમે ઇસ્લામ વિશે તો પૂરી નિષ્ઠાથી બધું ભણશો જ એ મ્હારી ખાત્રી છે. પણ મ્હારી ખાસ ભલામણ છે કે રામાયણ અને મહાભારત પણ ત્હમારે એટલી જ નિષ્ઠા અને માનબુદ્ધિથી ભણવાં. એમાં રામચંદ્ર અને સીતા, યુધિષ્ઠિર અને દ્રૌપદી, ભીષ્મ અને કુન્તીનાં જે ઉમદા ચારિત્ર્ય નિરૂપેલાં છે, તેનો જોડો આખી દુનિયાના સાહિત્યમાં પણ ભાગ્યે મળી આવે."

**તા. ક. ઇ. સ. ૧૯૨૮**

મિ. યૂસફ અલિએ પાંચ સાત પુસ્તકો પ્રકટ કર્યાં છે તે દરેક ઉત્તમ ઐતિહાસિક શાસ્ત્રીયતાના નમૂના છે. હિંદના બ્રિટિશ સમયના ટુંકા ઇતિહાસોમાં સર આલ્ફ્રેડ લાયલના જાણીતા ઇતિહાસ પછી સૌથી સારો એમનો જ છે– Making of India ( 1927: Black. )

૧૨. મુસ્લિમ સાધનોમાંથી પણ મુઘલ સમયમાં રચાયલા "ચરિત્રસંગ્રહ ( Biographical Dictionary )" જેવાં સાધનોનો તેમ મુસ્લિમ ઇતિહાસો અને વહીવટી ગ્રંથોમાં અનેકાનેક વ્યક્તિઓ વિશે છૂટીછૂટી છવાયલી અસંખ્ય વિગતોનો આપણે હજી ઘણો જ થોડો લાભ લીધો છે. મુસ્લિમ થઇ ગયેલા હિંદુઓ અને તેમના વંશજોમાંથી મોટે હોદ્દે ચ્હડી લડવૈયા અને રાજપુરુષ લેખે મોટાં મોટાં કામ કરેલાં અને ઇતિહાસપટને શોભાવેલા એવા સંખ્યાબંધ

પુરુષોને લગતી પુષ્કળ વિશ્વસનીય માહિતી આ સાધનો રૂપ ખાણમાં દટાઇ ગયેલી પડી છે, તે તેમાંથી ખોદી કહાડી ધોઇને ઘટતા પ્રકાશમાં મેહનતુ ઇતિહાસકોએ પ્રકટ કરવાની છે. અને આ કામ એક બે વિદ્વાનો પાંચ પંદર વર્ષમાં પૂરૂં કરી શકે એટલું ન્હાનું પણ નથી.

૧૩. એમણે પોતાના પૂર્વાશ્રમના જીવન વિશે અને **આર્યસમાજની** પ્રવૃત્તિ આરંભી ત્યાં સુધીની હકીકત પૂણામાં બે ભાષણોમાં કહી હતી તેનો અતિ ટુંકો સાર તે વખતે મરાઠીમાં છપાયો હતો; આ દેવેન્દ્રનાથ **મુ**કરજીએ શોધી કહાડી મ્હને બતાવેલો, ત્યારે એમની ઇચ્છાથી મ્હેં એનો ગુજરાતી તરજુમો લખ્યો હતો, અને એમણે બતાવેલા ઇંગ્રેજી અને બંગાળી તરજુમા મૂળ સાથે સરખાવી આપ્યા હતા. આ ત્રણે પછી એમણે પ્રકટ કર્યા હતા. **આર્યસમા**-જીઓએ પ્રકટ કરેલાં જીવનચરિતોમાં આ સાધન હજી સુધી ઉપયોગમાં લેવાયું નથી; અને આ ઉપરાંતની શોધખોળ હજી કોઇએ કરેલી જણાતી નથી. આર્યસમાજી માનસ જ્યાં લગી બાલિશ અપોર્મિલતા (Childish seutiment-alism) નું ભરેલું ચાલ્યા કરશે, ત્યાં લગી એ સંઘમાં શાસ્ત્ર ફિલસૂફી કે ઇતિહાસ બાંધનારી વિદ્વત્તા ખીલી શકશે નહીં.

૧૪. કારણકે એમાંથી જેમનાં છે તે છેક જ ઉપલ-ક્રિયા કૃતિઓ છે. 'સુરત ગોકુલજી ઝાલા' એ ચોપડી



પ્રકટ થઇ ત્યારે વખણાઇ હતી, તે એના કર્તાની પ્રતિષ્ઠા અને લાગવગનું પરિણામ હતું. મુદ્દાની લગભગ કંઇ પણ હકીકત દાખલ કર્યા વગર ચોપડી કેમ ગુંથવી એ કલાનો એ ચોપડી બેશક સારો નમૂનો છે. "ઉત્તમ કપોળ કરસન-દાસ મૂળજી" અથવા 'પાર્વતીકુંવર આખ્યાન' જેવી ચોપડી સાથે **એને** સરખાવતાં એની વણાટ કેવી જુદી જાતની છે એ તુરત પકડાઇ આવે છે. અને 'સુરત ગો. ઝા.' માં **ધી**રજલાલ **મ**થુરાદાસ, **પ્રા**ણલાલ **મ**થુરાદાસ, **બ**ળવંતરાય **મુ**નશી, અને તે વખતના **જૂ**નાગઢમાં બ્રહ્મક્ષત્રિયોના લાગ-વગ વિશે એવી રીતે લખ્યું છે અને સૂચન કર્યાં છે કે વાંચનારનાં મન ઉપર ખોટી–અનૈતિહાસિક–છાપ પડે. વળી છેવટ, ચરિત્રના નાયક **ગો**કળજીનું જે ચિત્ર આલેખ્યું છે તેમાં (૧) વ્યક્તિત્વ નથી આવ્યું, અને (૨) તેના ગુણો શક્તિઓ આદિનું જે વર્ણન કર્યું છે તેને ઇતિહાસનાં કરતાં પ્રશસ્તિનું નામ જ ઘટે, એવું મ્હારું મત છે. ઉપકાર–વશ માણસને હાથે આમ થઇ જ જાય, એ કુદરતી છે. અને સ્વ. **મ**નઃસુખરામના મનમાં તો ઘણું કરીને એમ પણ ખરું કે નાગર ચારિત્ર્ય અને રાજ્યવહિવટ અને કુનેહના ઉજ્જવલ રંગો જ આલેખવા. આમ લેખકવ્યક્તિનો પોતાના નાયક માટેનો પક્ષપાત સારાં કે કેવલ અશુદ્ધ નહીં એવાં કારણો અને આશયોમાંથી ઉત્પન્ન થયો હોય, ત્યારે પણ ઇતિહાસકની દૃષ્ટિએ તો તે પક્ષપાત જ.

૧૫. ગુજરાતના સંકુચિત પ્રદેશને બદલે આખા હિન્દ વિશે તપાસિએ, તો ત્યાં પણ એ જ સ્થિતિ–આપણા પૂર્વજોની ઇતિહાસ માટે (પાશવ કહેવી પડે એટલી બધી) અવજ્ઞા, આપણે કપાળે ચોંટેલી માલુમ પડે છે. **બુદ્ધ**, **અશોક**, આદિ કયારે થઇ ગયા ? આપણા સાધનોમાં ચોકસ માહિતી ન મળે. **મહાભારતનું** છેવટનું સંસ્કરણ–હાલ પ્રચલિત છે તે **મહાભારત**, કયારે થયું ? દૈવ જાણે. અથવા "**ચીનાનાં ધૌતમૂલકઃ**" એવાંએવાં એ **મહાભારતમાં** જ છૂટાંછવાયાં વાકયો પરદેશી માણસો બનાવો આદિ વિશે છે, તે બધાંની સમ્પૂર્ણ તારવણી–તાવણી–આદિ ઉપરથી જે સમય નક્કી કરી શકિયે તે. અરે **અલેકઝાન્ડર** સામે વીરતાથી યુદ્ધ કરનાર **પૌરવ** વિશે અને **ચંદ્રગુપ્તના** સમય વિશે અને એવીએવી અસંખ્ય મહત્ત્વની બાબતો વિશે પણ આપણે અત્યારે એટલું જ જાણવા પામિએ છિયે, જેટલું પરદેશી નોંધોમાં નોંધાઇ રહેવા પામેલું હોય ! શી અસહ્ય અને કેવલ નિરુપાય પરાધીનતા !

**તા. ક. ઇ. સ. ૧૯૨૮.**

**ચાણકયનું** કહેવાય છે તે **અર્થશાસ્ત્રમાં** કેટલાક અંશ જૂના છે ખરા, પણ એમાં પછીના કેટલાક સૈકાઓ લગી ઊમેરણ થતાં રહ્યાં છે,–જુવો આ વિશે દાક્તર ઉ–વિન્ટર્નિત્સનાં લખાણો.



૧૬. 'પારસી પ્રકાશ'માંની એ બનાવની (**મુંબાઈ સમાચાર** ઉપરથી ઉતારેલી) નોંધ જોતાં જણાય છે કે **દાદાભાઈ પાંડિયાના** બાપનું નામ **દોરાબજી** હતું. બીજી તપાસ ઉપરથી ચોકસ કહી શકાય છે કે આ દાદાભાઇ પ્હેલવાન હતો અને કસરતશાળા ચલાવતો હતો, તેને સુરતમાં હિંદુ પારસી મુસ્લિમ પ્રતિષ્ઠિત માણસોનો સારો ટેકો હતો. ડેક્કન કૉલેજના ફારસીના પ્રોફેસર **મિનોચ્હેર હોમજી** જાતમાહિતી ઉપરથી જણાવે છે કે **દાદાભાઇની** કસરતશાળા નામાંકિત થઈ ગઇ, એટલું જ નહીં પણ **દાદાભાઇના** ચેલાઓએ **મુંબાઇમાં** અને બીજે સ્થળે ઘણાં વર્ષ કસરતશાળાઓ ચલાવેલી, જેમાંની કેટલીક પણ સારી પેઠે જાણીતી થઇ હતી.

આ સર્વ ઉપરથી મ્હને તો લાગે છે,–(૧) ૧૦૬ માણસ ઉગારેલાં **દાદાભાઇએ** એકલાએ નહીં, એ અને એના અખાડાના ચેલાઓએ મળીને. આ પ્રમાણે માનવાથી એ સેવાનું ગૌરવ લેશ પણ ઘટતું નથી, અને એનું સ્વરૂપ માની શકાય એવી હકીકતની હારમાં આવે છે. દાદાભાઇનું પોતાનું ગૌરવ પણ લેશ માત્ર ઘટતું નથી, કેમકે એ ઉસ્તાદના પોતાના દાખલાને લીધે જ એના કેટલાક ચેલાઓ પણ પોતપોતાથી બની શકયું તેટલા કલાક આવી રેલની તાણમાં રહેલા, અને તણાઇ આવતાં શીંગડું થઇ ગયેલાં માણસોને ઠેલી ઠેલી કાંઠે ધકકેલી દેવામાં બનતી મદદ કરેલી.

આમાંથી ઉપચારોને પરિણામે ૧૦૬ જીવ્યાં. કેટલાં ઉપરના તમામ પ્રયત્ન વ્યર્થ નીવડ્યા અને તેમને બાળી દેવાં પડ્યાં, તે કોઇએ નોંધ્યું નથી. બીજાં કેટલાં પાણીમાંના તારાઓના પ્રયત્નો ન જ ફાવતાં તાણમાં તણાઇ જ ગયાં તે પણ કોઇએ નોંધ્યું નથી. (૨) દાદાભાઇનો ધંધો પડ્યો ઉસ્તાદનો, જેની ગણના આપણામાં હલકી; તેથી કરીને જ આ એની સેવાનું અસાધારણ પરાક્રમ માત્ર એક ઘડિયાળ અને એક થેલી વડે પૂરતું સત્કારાયલું ગણાયું.

તા. ક. ઇ. સ. ૧૯૨૮:—

આ પછી એક વીશી વીતતાં તાપીની આવેલી મોટી રેલથી સુરતને સામે કાંઠે અયોગ્ય સ્થળે નવાં ચણેલાં છાત્રાલયમાંના છોકરાઓ બારપંદર કલાક મોટી ધાસ્તીમાં આવી પડેલા, તેમને છાત્રાલયના શિક્ષકે એક બે મોટા છોકરાઓને મદદે રાખીને ઉગારેલા. આ સ્તુત્ય સેવાની કદર ઇન્ડિયન એજ્યુકેશન ( Indian Education ) માસિકના તંત્રી સ્વ. જે. નેલ્સન ફ્રેઝરે કરેલી અને એ મહેતાજી માટે સારો ફાળો ઉઘરાવ્યો હતો.

ઇ. સ. ૧૯૨૭ ની અતિવૃષ્ટિથી વિશ્વામિત્રી શેઢી આદિ ન્હાની નદીઓ અત્યંત ઉભરાઇ ગયેલી, ત્યારે પણ વડોદરા આદિ સ્થળે મળીને સંખ્યાબંધ જુવાનોએ દાદાભાઇના જેવી સેવાઓ સ્થળે સ્થળે જરૂરિયાત પ્રમાણે બજાવેલી,



જો કે એમાંથી કોઈ એક માણસે કે અખાડાએ દાદાભાઇના જેટલી મોટી સેવા બજાવ્યાનું જણાયું નથી.

ઇ. સ. ૧૮૮૩ની રેલ વિશે **પારસીપ્રકાશ**ની નોંધમાંથી એક વિગત તેના શબ્દોમાં જ ઉતારું છું:—" રૂસ્તમપરાની રેહનાર બાઈ ડોશીબાઈ તે શેઠ હોરમજજી રૂસ્તમજી ઢાલાની બેટી તથા શેઠ બેહરાંમજી નશરવાંનજી ઢાલાનાં ધણીઆંનીએ પોતાનાં ઘરનું છજીઉ ઉતારી તેનો તરાપો બનાવી તેની મારફતે આસરે ૩૦૦) માણસોને ઉગારી પોતાનાં ઘરમાં આસરો આપ્યો હતો."

ઇ. સ. ૧૯૨૭ ની અતિવૃષ્ટિ દરમિયાન વડોદરામાં સંખ્યાબંધ માણસોએ આમ પોતાની આસપાસનાં નબળાં અને પડતાં ઘરોમાંના માણસોને આશ્રય આપેલો હતો.

આ અતિવૃષ્ટિથી શેઢીમાં (મહેમદાવાદ નડિયાદ વચ્ચે) જે ખાડો (ભુવો) પડેલો અને " પાતાલ ફુટેલું " તે જેણે જોયું હશે, અને એ પૂરવા માટે રેલ્વે કમ્પનીએ કેટલા વખતમાં કેટલી બધી પૂરણી આણીને નાખી તેનો જેને ખ્યાલ હશે, તે માની શકશે કે વીશમી સદીના અખૂટ સાધનો વડે જ એ પુવો પૂરાયો, શેઢીનો પ્રવાહ પાછો અસલ માર્ગે વહ્યો, પૂલ અસલ જગાએ જ કાયમ રહ્યો. ઇ. સ. ૧૮૭૦ પ્હેલાં આવા બનાવ હિન્દમાં જ્યારે જ્યારે બનેલા હશે, ત્યારેત્યારે નદીના પ્રવાહ ફરી ગયા હશે, અર્થાત્ તેતે

વખતે અને સ્થલે ખેતી, વસતી, ગામડાં આદિની ઊથલપાથલ પણ ન્હાનામોટા પ્રદેશમાં નિઃસંશય થઈ ગયેલી હશે.

૧૭ રા. રા. વિનાયક નન્દશંકર મહેતાકૃત એમના પિતા નંદશંકર તુલજાશંકરના કીંમતી ચરિત્રગ્રંથમાં સુરતની મોટી આગનું અચ્છું વર્ણન છે; એમાં તે વખતની જે કંઇ નોંધો, ગરબીઓ, આદિ હજી જળવાઇ રહી હોય, તે શોધી તેમાંથી કાયમ અમરતા ઘટે એવા ઉતારા એ ઉમેરશે, તો એની ઐતિહાસિક કીંમત ઓર વધશે.

૧૮ જુવો બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિકમાં મ્હારો નિબંધ—“ભરૂચના બ્રહ્મક્ષત્રિયોનું વસ્તીપત્રક.” આ પછી આજ-સુધીમાં નાતોના વસ્તીપત્રક કરવાના કેટલાક પ્રયત્ન થયા છે, પરંતુ સારું શાસ્ત્રીય વસ્તીપત્રક તો એક જ રા. રા. જયકરે પોતાની નાતનું કરેલું—મ્હારા જોવામાં આવ્યું છે. મિ. જેકે બંગાળાના એક આખા જિલ્લાનું આર્થિક પૃથક્કરણ સામાન્ય બંગાળી ગ્રેજ્યુએટોની મદદથી કરેલું જાણીતું છે. દા. માન ( H. Mann. ) આદિએ પ્રકટ કરેલાં જુદાં જુદાં ગામડાંઓ વિશેનાં પુસ્તકો પણ જાણીતાં છે. એ કોટિનું શાસ્ત્રીય કામ આપી શકે એટલું આપણી યુનિવર્સિટીના સામાન્ય ગ્રેજ્યુએટોનું ગજું જણાતું નથી. પરંતુ, પોતપોતાની નાતોનાં વસ્તીપત્રક અને પોતપોતાનાં ગામડાંની આર્થિક સ્થિતિનાં બેત્રણ દાયકાના નિરીક્ષણ અને પૃથક્કરણ તો તેઓ ધારે તો કરી શકે. આવું વાઙ્મય દેશની હાલની સ્થિતિ ઉપર સારી પેઠે પ્રકાશ પણ પાડી શકે.



૧૯ ‘ મનસુખ ’ મંચેરજી લંગડાનાનું તખલ્લુસ હતું. એ સાહસિક વેપારી, કવિ, અને સંસારસુધારક લડવૈયા વીરનાં બે સારાં જીવનચરિત્ર લખાયાં છે; એક એના ‘ ગંજનામુ ’ નામે જાણીતા કૃતિસંગ્રહમાં કોઇ એના મિત્રે લખેલું; બીજું એના પુત્ર દાકતર કાવસજીનું. પારસી કવિઓની પદ્ય રચના—‘ બેતબાજી ’—એક એવો ઘાટ છે કે તે ગુજરાતી આંખ કાન ને રસવૃત્તિને—પારસી અલંકાર જ વાપરીને બોલું તો—કબાબમાં કાંકરી કે હાડકાની કચ્ચરો આવ્યા કરે એવો લાગે. પરંતુ ગુજરાતી ભાઇઓની ફરજ છે કે એ ઘાટની અરુચિઓ સહી લઇ પારસી કવિતાના અર્થ અને ભાવનું કવિત્વ મળી આવે તેટલું પીવું.

‘ મનસુખ ’ ના પ્રિન્સ આલ્બર્ટ વિશેના કાવ્યનો સર જમશેદજી જીજીભાઇના કુટુંબમાં એક શિક્ષક તરીકે કામ કરનાર કોઇ મિ. હેમિલ્ટને ઇંગ્રેજી પદ્યમાં તરજુમો પ્રકટ કર્યો હતો, ઈ. સ. ૧૮૬૫. પારસી ગુજરાતી વાઙ્મયમાં બીજાં પણ કેટલાંક જીવનચરિતો સારાં છે.

૨૦ (ઇ સ. ૧૯૨૮.) તે કાળે આપણા ઇલાકામાં હાલના જેવા ચલ્લુ સટ્ટાબાજો નજેવી સંખ્યામાં જ હતા. એ મુદ્દતથી માંડીને તેમની સંખ્યા વધતી ગઇ છે, પુણા-મુંબાઇની ઘોડદોડની શરતો શરુ થઇ વધુવધુ ધાડાં આકર્ષતી થઇ છે, તથા સુરતઅમદાવાદમાં પણ શેયરસટ્ટાનાં બજાર જન્મ પામી વધ્યાં છે, તેમતેમ સટ્ટાની બૂરી લત ચેપી

હોવાથી વધતી જ ગઇ છે. ભરૂચસુરત જિલ્લામાં જુગાર પણ વધતો જ ગયો છે. અને ક્રિકેટટેનિસબ્રિજ આદિ ભદ્ર લોકની રમતોમાંનો નાજુક જુગાર પણ મુંબાઇ ગુજરાતમાં વધતો ગયો છે અને વધતો જ જાય છે. યુરોપી સમાગમને જોરે ક્રમે ક્રમે આપણા રીતરીવાજો અને રહેણીકરણીમાં વધતી જતી અસરોમાં, ખાણીપીણીમાં ફેરફાર, કપડાંલત્તાં અને રાચરચીલામાં ફેરફાર, અને સટોરિયાપણાનો વધારો, સપાટી પરથી યે દીસી આવે એવી અસરો છે. પોચટ, સંયમહીન, આંખમીંચીને દેખાદેખી જ વિહરનારી ગુજરાતીપ્રજામાં આવી અસરો વસતીના તમામ થરોમાં ઊતરી ગઇ છે. સટ્ટામાં અસહ્ય ખોટને અંતે થતા આપઘાત–લખેસરીઓમાં પણ શેઠ દ્વારકાદાસ ધરમસી અને ચુનીલાલ સરૈયા જેવાના વધતા જાય છે.

૨૧ મોર્લિ, રિપન, વેડરબર્ન, હ્યૂમ અને મોન્ટેગ્યુ જેવાએ હિંદની સેવા કરેલી તે આથી જરા પણ નીચી ભાવનાઓ અને મનોવૃત્તિઓનાં પરિણામ ગણનાર એ પુરુષોને અન્યાય કરે છે. અને હિંદમાંસિવિલ વા મિલિટરી અમલદાર તરીકે, મિશનરી અને શિક્ષક તરીકે, વા ધંધારોજગારે આવેલા હજારો અંગ્રેજોમાં આવી ઉમદા કર્તવ્યનિષ્ઠાથી પ્રેરાયલા– આપણા લોકો સામાન્ય રીતે માને છે તે કરતાં–ઘણા વધારે થઇ ગયા છે. આપણી પ્રજા માને છે કે પુણ્ય તપે ત્યાં સુધી રાજ્ય ટકે, તે પુણ્ય તે આ ઉમદા કર્તવ્યનિષ્ઠાથી



ઉત્પન્ન થતી રાજ્યનીતિ, અને એ નીતિને અણિશુદ્ધ
અમલમાં મુકવા મથતા અધિકારીઓનો esprit de corps.
Prestige પણ આવું સાત્ત્વિક હોય તો–આવું સાત્ત્વિક
રહે ત્યાં સુધી કલ્યાણકારી છે, પોષવા યોગ્ય છે.

૨૨ કાપડના ઉદ્યોગમાં તૈયાર થતો માલ જે પ્રમાણમાં
જે ઝડપથી વધી શકે છે તેટલો કામગારોની સંખ્યામાં
વધારો આવશ્યક નથી, એ ખરું; પણ અહીં તમામ જાતનાં
યાંત્રિક ઉદ્યોગોને એકસામટા ધ્યાનમાં લઇને “લાખો કામગારો
થશે” એમ કહ્યું છેઃ થશે શું ?–થવા જ જોઇએઃ નહીંતો
આપણો દેશ સુધરેલી દુનિયાની હારમાં આવી જ નહીં શકે;
જંગલી, અજ્ઞ, દુકાળવો, ભીખમગો, ઉઘાડપગો, લંગોટિયો જ
રહેશે.

૨૩, ૨૪, ૨૫.
૨૩ આંકડો છે ત્યાંથી છેકી નાખવો અને ૨૪, ૨૫
ને ઠેકાણે ૨૩, ૨૪ વાંચવા.

૨૩ આર્થિક દૃષ્ટિએ પણ પ્રાંતસીમાઓથી
આર્થિક વર્તુલોની સીમાઓ ગણવી પડે છે એ જાણીત
હિંદમાંનાં મૂલ સંસ્કૃતિવર્તુલો એનાં ભાષાવર્તુલો કરતાં
અને આર્થિક વર્તુલોથી મોટાં પડે એમ ધારું છું. સંસ્કૃતિ
જુદાંજુદાં તત્ત્વોને પ્રાધાન્ય આપિયે તેમ જુદાંજુદાં વર્તુલો
દોરવાં પડે. વળી ભાષાવર્તુલો જ્યારે લગભગ સ્થાયી છે,
એ માદરીઝ્યાં વાળી વસતી વધે તેમતેમ જ વધી શકે એવાં

છે, ત્યારે આર્થિક વર્તુલો ઝડપથી ફેલાવમાં મોટાં અને સંખ્યામાં થોડાં થતાં આવે છે, વિજ્ઞાનબલે આપણે **મદ્રાસમાં** ચાહ પી લઇ દશ વાગે **નાગપુરમાં** જમી લઈ, **બે** વાગે તો દિલ્હી પ્હોંચીશું એ વખત બહુ દૂર નથી, તો વિજ્ઞાન-બલે આર્થિક વર્તુલો ગમે તેવા મોટા કોઇપણ એક દેશથી વધારે વિસ્તારવાળાં બનવાનો સમય પણ દૂર નથી; અને સંસ્કૃતિવર્તુલો પણ ક્ષેત્રફલમાં વિશાલ અને સંખ્યામાં ઓછાં થતાં જાય છે, અગર જો કે સંસ્કૃતિવર્તુલને અને ભાષા-વર્તુલને નિકટનો સંબંધ છે. પ્રાન્તપ્રાન્તનું સામ્ય અને હિંદનું વધતું જતું ઐક્ય આર્થિક અને સંસ્કૃતિ વર્તુલો મોટાં થતાં જાય છે તેમ સધાતું જાય છે. ભાષાવર્તુલોને આવું ઐક્ય સધાવામાં વિઘાતક બલ પણ ગણવાં પડે.

૨૪ મલબારી માટેની આ શબ્દયોજના અંબાલાલ-ભાઇની છે. જમશેદજી દલાલ, પ્રિન્સિપલ ઉનવાળા, સર ફિરોજશાહ મ્હેતા, સર દીનશાહ વાચ્છા આદિ કેટલાક મલબારીની ખરે જ વિચિત્ર પૂર્વાવસ્થાની ત્રુટક માહિતીને લીધે એ અસાધારણ મનોબલવાળા માણસને પુષ્કળ અન્યાય કરતા એમ ધારું છું. હું એમના નિકટ પરિચયમાં ઇ. સ. ૧૮૯૩ થી '૯૫ લગી રહ્યો, 'ઇન્ડિયન સ્પેક્ટેટર' સાત-વારિયાના તંત્રી લેખે, તે દરમિયાન એમની ઉચ્ચ ભાવનાઓ અને એમના ચારિત્ર્યબલથી દંગ થયો હતો. આથી ઉલટું અંબાલાલભાઈ જેવાને મ્હારો મલબારી માટેનો ઉચ્ચ

## પરિશિષ્ટ

### ઇતિહાસલેખન અને શિક્ષણમાં ધર્મ્યાધર્મ્ય શું તેનું દિગ્દર્શન

ભૂતકાલને લગતી સાચી હકીકતો ઉદાર સમભાવથી નિરૂપાય, તેના શિક્ષણ અને વાંચનથી, મનનપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો, રાજકાજ રાજનીતિ આદિ (Politics પૉલિટિક્સ) માં, તેમ રાષ્ટ્ર અને સંસારને લગતાં વ્યક્તિના હક્કો અને ફરજોમાં, વળી નીતિ અને ધર્મને લગતી ભાવનાઓમાં પણ ઉમદા તાલીમ મળે છે. ઇતિહાસના અભ્યાસથી માણસ **ગેલ્ફ** કે **ઘિબલાઇન**,—**વ્હિગ** કે **ટોરી**—રક્ષક કે ઉચ્છેદક નથી બનતો: ઇતિહાસ માણસ જે પક્ષનો હોય તેનો તેને સહાચારી સભ્ય બનાવી આપે છે.

ઇતિહાસનો અભ્યાસ ન કરવો ઘટે એવી રીતે થાય, પક્ષ-દુરાગ્રહને કે કોમી મદને કે ધર્મઝનૂનને ઉશ્કેરે એ પ્રમાણે થાય, પ્રજાસ્મિતા વકરે એવો થાય, તો વિગ્રહો અને આન્તરવિગ્રહોનાં ખૂનની નદીઓ વહે છે. ઈ. સ. ૧૮૭૦ નો **ફ્રાન્સજર્મની** વચ્ચેનો વિગ્રહ, કેટલાક માને છે, **થીયે** (Thiers) ના ઇતિહાસોને લીધે સળગેલો. આપણા જમાનાનું યુરોપી મહાભારત, કેટલાક માને છે, **ટ્રાઇટ્શ્કે** (Treitschke) ના ઇતિહાસોને લીધે પ્રવર્ત્યું. અને આવા તોહમતો છેક પાયા વગરનાં નથી જણાતાં. પરંતુ ઇતિહાસનો અભ્યાસ થવો ઘટે તે પ્રમાણે થાય, તો દેશપ્રીતિ અને પ્રજા-સ્મિતાના જુસ્સા વધારે સમજુ બની અંકુશમાં આવે, ઓછા મલિન થઇ વધુ હિતસાધક બની શકે, સ્થિરગતિ સમુત્ક્રાન્તિમાં પોતાનું જુરણ ભેળવી શકે, અને બીજા દેશો અને પ્રજાઓ (કોમો અને ધર્મો) પ્રતિ આંધળો દ્વેષ નિઃસંશય નબળો પડે.

પણ મ્હારી દલીલનો ઉંધો અર્થ ન લેશો. ઉત્તમ આશય માટેના પણ પ્રચારકાર્યમાં ઇતિહાસને એક સાધન બનાવવો, તેનો દુરુપયોગ જ છે. ઉજ્જવલ બાજુ જ દેખાડવી, (અગર એ ઉલટું જ કરવું), અમુક બોધ જ ઠસાવવો, **એ પ્રમાણે** બનાવો ફુલગુંથણી કરવી, તે ઇતિહાસનું સાચું આલેખન નથી. ભૂતકાલની દુનિયાનાં અનેકાનેક પાસાં હતાં તેવાં ઉજળાં અને કાળાં, ઊંચાં અને નીચાં, વિવિધ સંકુલ અને માણસની બુદ્ધિને મુંઝવે અને ચકિત કરે એવાં, વાસ્તવિક રંગોમાં, સપ્રમાણ વિગતો સાથે, કાર્યકારણ-સંબંધો જેટલા બને તેટલા સાંધીને, નિરૂપવાં, એ જ ઇતિહાસનું વિકટ તેટલું જ ગંભીર અને અત્યંત આવશ્યક-અને જેટલું અપક્ષપાતે સધાય તેટલું શાસ્ત્રીય કર્તવ્ય છે.

**જી એમ. ટ્રેવિલિયન.**

**Smt. HANSA MEHTA LIBRARY,**
**BARODA**

This book may be kept for 15 days.

| | | |
|---|---|---|
| 6 NOV 1981 | | |
| 19 APR 2021 | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

SHML
26799

ENTERED

26799

DS
404.5
.T4

26799